
સમાજ જીવનના સાચા શિલ્પી



ધરતી વિકાસ મંડળનું મુખપત્ર

ધરતીનાં સંસ્મરણો

૧૯૪૭ - ૧૯૯૧

સ્વ. પ્રભાતકુમાર દેસાઈ

જન્મ તા. ૨૦-૦૧-૧૯૨૩ (વસંત પંચમી)
સ્વ. તા. ૨૦-૦૮-૨૦૦૩ (જન્માષ્ટમી)



સ્વ. લલીતાબેન પ્રભાતકુમાર દેસાઈ

જન્મ તા. ૨૬-૦૧-૧૯૩૧   સ્વ. તા. ૦૯-૧૦-૨૦૦૫

નિરંજનાબેન ચંદ્રકાન્ત પટેલ
ચંદ્રકાન્ત નટવરલાલ પટેલ
કૌશલ-સેજલ   મેઘના-સમીર
ઝલક   ઋષિલ, પ્રિસા

સ્વ. રાજેન્દ્ર પ્રભાતકુમાર દેસાઈ
શોભનાબેન રાજેન્દ્ર દેસાઈ
કેયૂર-રચના   સૌરભ-હિતેષા
ખુશી   પ્રિન્સી

અજીત પ્રભાતકુમાર દેસાઈ
વર્ષાબેન અજીત દેસાઈ
કુણાલ-મેરલ
પન્વી

યોગેન્દ્ર પ્રભાતકુમાર દેસાઈ
નંદાબેન યોગેન્દ્ર દેસાઈ
ધરા-હિરેન   ભાવિક-દ્રુપા
નવ્યા, ક્રિશ્વી



ધરતી

અંકઃ ૧ ઓગષ્ટ - ૧૯૪૭



તંત્રી : શેઠ શ્રી ચંદ્રવદન લશ્કરી

સહતંત્રી : પ્રભાતકુમાર દેસાઈ






ફેબ્રુઆરી '૬૬
સળંગ અંક : ૨૨૩

૧૯૬૫ - ૧૯૬૬ દરમ્યાન
પ્રિ. સોમાભાઈ પટેલ તંત્રી હતા ત્યારે તેમણે દોરેલ 'ધરતી' મેગેઝિનનું મુખપુષ્ઠ ચિત્ર

ડિસેમ્બર '૮૨
વર્ષ : ૩૬ અંક : ૬

નવેમ્બર ૧૯૮૧ થી ફેબ્રુઆરી ૧૯૯૬
ડો. મફતલાલ પટેલ તંત્રી હતા તે દરમ્યાનનું 'ધરતી' મેગેઝિનનું મુખપુષ્ઠ ચિત્ર

ઈ.સ. ૧૯૪૪ની શરૂઆતમાં ડો. ગણપતરામ પટેલ (પ્રમુખ) અને પ્રભાતકુમાર દેસાઈ (મંત્રી) સુધારાવાદી સંસ્થા "શ્રી અખિલ કડવા પાટીદાર પ્રગતિ મંડળ"ના શ્રી ગણેશ કર્યા.



॥ तमसो मा ज्योतिर्गमय ॥

શ્રી અખિલ કડવા પાટીદાર પ્રગતિ મંડળ

પ્રગતિ

પાટીદાર સમાજનું મુખપત્ર

તંત્રી: ચંદ્રવદન લશ્કરી

પ્રમુખ:

ડૉ. ગણપતરામ પટેલ

કાંકરિયા, અમદાવાદ ૨-૭-૧૯૪૭

પૂ. સરદાર સાહેબ,

રાષ્ટ્રના ઉત્થાન કાજે રાષ્ટ્રનાં અનેક અંગોએ રાષ્ટ્રના હિતાનુરૂપ આદર્શસિદ્ધાંતોને હરપળે દષ્ટિસમક્ષ રાખી, પોતપોતાના વિકાસનું કામ ઉપાડી લેવું પડશે; અને બદલાતા જમાના સાથે વિચારશીલતા રાખી, ... સાથે એવાં પ્રગતિ જૂથો ઉત્પન્ન કરવા કમર કસવી જોઈએ. એ આદર્શને અપનાવી અમે યુવાનોએ પાટીદાર સમાજની - જે મુખ્યત્વે ખેડૂત પ્રજા છે - પ્રગતિ હાથ ધરી છે. આ પ્રવૃત્તિને બહુજન ભાગે એવું તેનું "પ્રગતિ" મુખપત્ર ચલાવવા યોજના અમે રજુ કરીએ છીએ.

'પ્રગતિ' સમાજમાં રાષ્ટ્રભાવના જાગૃત કરવા ઉમેદ સેવે છે, અને સમાજનાં ખેતીવાડી, કેળવણી, ને રચનાત્મક પ્રવૃત્તિઓમાં ... ઈચ્છા રાખે છે.

આશા છે કે આપ જેવા, જેમનાં જીવન અને કાર્ય અમારે માટે પ્રેરણાદાયી છે, તેઓ અમને આ પ્રગતિ પંથે જતાં દોરવણી અને મંગળ આશીર્વાદ આપીને આભારી કરશોજી.

ચંદ્રવદન દુર્ગાપ્રસાદ લશ્કરી

તંત્રી.

પાટીદાર સમાજનું મુખપત્ર શરૂ કરવા અંગે તા. ૨-૭-૧૯૪૭ ના રોજ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને પ્રભાતકુમાર દેસાઈએ લખેલ હસ્તપત્ર ઉપરથી તેમના વિચારો, ભાષા ઉપરનું પ્રભુત્વ તથા પ્રથમ તંત્રી શ્રી ચંદ્રવદન દુર્ગાપ્રસાદ લશ્કરી શેઠની સહીની યાદી.

પત્ર પ્રાપ્ત : શેઠ શ્રી પુંડરીકભાઈ દરીયાપ્રસાદ પટેલ - બિલાડી વાળા, USA

ધરતી વિકાસ મંડળનું મુખપત્ર

'ધરતી'નાં સંસ્મરણો

(૧૯૪૭-૧૯૯૧)

સ્વ. પ્રભાતકુમાર દેસાઈ

જન્મ તા. ૨૦-૧-૧૯૨૩ (વસંત પંચમી)

સ્વ. તા. ૨૦-૮-૨૦૦૩ (જન્માષ્ટમી)

: લેખક :

ડૉ. પ્રભુદાસ પટેલ

ટ્રસ્ટી, ધરતી વિકાસ મંડળ

પ્રકાશક

અજીત પ્રભાતકુમાર દેસાઈ

કુણાલ ઑફસેટ, ઓઢવ, અમદાવાદ-૩૮૨ ૪૧૫.

મોબાઈલ : ૯૮૨૫૦ ૪૨૮૨૧

'ધરતી'નાં સંસ્મરણો - સ્વ. પ્રભાતકુમાર દેસાઈ
'Dharti'na Sansmarno - Late Prabhatkumar Desai
by Dr. Prabhudas Patel

❐

પ્રથમ સંસ્કરણ
જાન્યુઆરી ૨૦૨૫

❐

પ્રત : ૨૦૦૦

❐

મુદ્રક :
અજીત પ્રભાતકુમાર દેસાઈ
કુણાલ ઑફસેટ, ઓઢવ, અમદાવાદ-૩૮૨ ૪૧૫.
મોબાઈલ : ૯૮૨૫૦ ૪૨૮૨૧

સમાજ કલ્યાણી દેવી મા ઉમિયાના ચરણે
સેવાકાર્ય સમર્પિત કરનાર
પાટીદાર સમાજના સજાગ પ્રહરી અને
'ધરતી'ના હૃદય સમાન પ્રેરક-પ્રણેતા
'ધરતી'ને સમગ્ર જીવન સમર્પિત કરનાર

સ્વ. પ્રભાતકુમાર દેસાઈ

પ્રભાતકુમારનો જન્મ તા. ૨૦-૦૧-૧૯૨૩ (વસંત પંચમી)ના રોજ પાટડીમાં દેસાઈ રાજવી કુટુંબમાં થયો હતો. માત્ર ૧૦ માસની કુમળી વયે માતા તથા ૧૦ વર્ષની કુમળી વયે પિતા તથા દાદાજીની છત્રછાયા ગુમાવી હતી. તેમણે દાદાજી સાથે દરબારી ઠાઠ માણેલો. દાદાજીના અવસાન બાદ નસીબનું પાંદડુ ખસ્યું અને કુટુંબ ગરીબીમાં ધકેલાઈ ગયું.

પ્રાથમિક શિક્ષણ પાટડીમાં મેળવી માધ્યમિક શિક્ષણ માટે કડી-સર્વ વિદ્યાલયમાં પ્રવેશ મેળવ્યો; ત્યાં બે વર્ષ અભ્યાસ કર્યો; ત્યાં રહીને માત્ર ૧૪ વર્ષના પ્રભાતે અનુભવ્યું કે પાટીદાર ખેડૂત કુટુંબના બાળકો ભણેગણે અને સમાજમાં ઘર કરી ગયેલ અજ્ઞાનતા, કુરિવાજો, વહેમ અને અંધશ્રદ્ધા જેવા દૂષણો દૂર થાય, તે માટે કડી-સર્વ વિદ્યાલયના આદ્યસ્થાપક છગનભાએ આરંભેલા જ્ઞાનયજ્ઞમાં અંજલિ માત્ર સમર્પિત કરી શકીએ તોય ઘણું...

સને ૧૯૪૫માં મુંબઈ યુનિવર્સિટીમાં બી.એ. ગુજરાતી (મુખ્ય), સંસ્કૃત (ગૌણ) વિષય સાથે અભ્યાસ કર્યો.

આશરે ૯૦ વર્ષ પહેલાં ગાંધીજીના વર્ધા આશ્રમમાંથી સમાજસેવાની દીક્ષા લઈ આવેલા, પ્રતિષ્ઠિત લશ્કરી કુટુંબના શ્રી ચંદ્રવદન લશ્કરી અને

તે જ અરસામાં લંડનથી આંખના નિષ્ણાતની ડીગ્રી લઈ પરત આવેલા ડૉ. ગણપતરામ પટેલ, તેમજ પ્રભાતકુમારે ભેગા મળી તા. ૩૦મી જાન્યુઆરી, ૧૯૪૪માં 'અખિલ ગુજરાત કડવા પાટીદાર પ્રગતિ મંડળ' નામની સુધારાવાદી સંસ્થાના શ્રી ગણેશ કર્યા. આમ, પ્રભાતકુમારની સમાજ સેવાની યાત્રા આરંભાઈ. આ તરવરિયા જુવાનિયાઓએ સમાજમાં ઘર કરી ગયેલા કુરિવાજો, અંધશ્રદ્ધા, વહેમ અને કન્યા કેળવણીના મુદ્દાઓ પર આધારિત સમાજ સુધારણા પ્રદર્શનનું આયોજન કર્યું અને આ કાર્યક્રમનું સ્થળ રાખ્યું પવિત્ર એવું ઊંઝા ઉમિયા માતાજી મંદિરનું પરિસર. આ આયોજનની આગેવાની લીધી પ્રભાતકુમાર અને ચંદ્રવદન લશ્કરીએ.

તા. ૨૩-૧૨-૪૫ના દિવસે નામદાર પાટડી દરબારશ્રી પ્રતાપસિંહજીના પ્રમુખપદે અમદાવાદમાં દરબારશ્રી સુરજમલજી કડવા પાટીદાર છાત્રાલયમાં અખિલ ગુજરાત કડવા પાટીદાર પ્રગતિ મંડળનો દ્વિતીય વાર્ષિકોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

ઉપરોક્ત સ્થળે ડૉ. ગણપતરામ પટેલના પ્રમુખપદે 'અખિલ ગુજરાત કડવા પાટીદાર પ્રગતિ મંડળ'ની સામાન્ય સભા મળી હતી. મંડળની પ્રવૃત્તિઓ અંગે જુદા જુદા વક્તાઓ તરફથી વિવિધ દૃષ્ટિબિંદુઓ રજુ કરવામાં આવ્યા હતા. આપણી સંસ્થાનું જ્ઞાતિનું મુખપત્ર શરૂ કરવાનો ઠરાવ શ્રી પ્રભાતકુમાર દેસાઈએ મૂક્યો હતો. આ વખતે પ્રભાતકુમારની ઉંમર ૨૩ વર્ષની હતી; પોતે યુવાન હતા; થનગનતું લોહી હતું ને સમાજમાં કંઈક નવું કરવાની તમન્ના હતી. મોરના ઈંડા ચીતરવા ના પડે. પ્રભાતકુમાર સૂરજમલજી બૉર્ડિંગમાં રહીને હસ્તલિખિત 'કમળ' નામની પત્રિકાનું સંપાદન કરતા હતા. લખવામાં જરાયે આળસ નહિ. પ્રભાતકુમારના ઠરાવને શેઠશ્રી ભગુભાઈએ ટેકો આપ્યો હતો, ને જણાવ્યું હતું કે, ''આપણો સમાજ પછાત છે. માણસના માથે ઘણા પ્રકારના ઋણ હોય છે. જ્ઞાતિઋણ તેમાંનું એક છે. કેળવણીના ફેલાવાથી જ્ઞાતિની પ્રગતિ સાધવાનું કાર્ય સરળ બનશે. વિદ્યાદાન એ દાનનો ઉત્તમ રસ્તો છે. હું જ્ઞાતિનો સેવક છું અને એ રીતે ઓળખાવવામાં

હું ગૌરવ અનુભવું છું. આપણી જ્ઞાતિ પ્રગતિશીલ બને એ મારી ઉમેદ છે. સમાજનું મુખપત્ર શરૂ થાય તે અત્યંત જરૂરી છે, એવું હું માનું છું.''

૧૯૪૬-૪૭માં અખિલ ગુજરાત કડવા પાટીદાર પ્રગતિ મંડળના મંત્રી તરીકે પ્રભાતકુમાર નીમાયેલા.

સતત ત્રણ વર્ષ સુધી અખિલ ગુજરાત કડવા પાટીદાર પ્રગતિ મંડળે ખૂબ જ અસાધારણ કાર્ય કર્યું. ત્રણ વર્ષના ગાળામાં ૬૦ જેટલા નાના-મોટા ગામોમાં પ્રવાસ કરીને જ્ઞાતિનું મજબૂત સંગઠન કર્યું. સંગઠન માટે વ્યાપક પ્રચાર કાર્ય કરવામાં ચંદ્રવદન લશ્કરીની સાથે પ્રભાતકુમાર દેસાઈ રહ્યા હતા. પ્રવાસ દરમ્યાન જ્ઞાતિના મેગેઝીનનું નામ ચંદ્રવદન લશ્કરી અને પ્રભાતકુમારે 'ધરતી' નક્કી કર્યું.

૧૫ ઓગસ્ટ ૧૯૪૭થી 'ધરતી' પ્રગટ કરવાનો નિર્ણય લેવાયો. તંત્રીપદે ચંદ્રવદન લશ્કરી અને સહતંત્રી તરીકે પ્રભાતકુમાર દેસાઈ સર્વાનુમતે રાખવામાં આવ્યા. અહીં પણ પ્રભાતકુમારની સંપાદકીય સૂઝબૂઝ અને સંકલનની કોઠાસૂઝના દર્શન થયા. ૧૯૪૭થી ૧૯૪૯ સુધી 'ધરતી' માસિકનું સઘળું કાર્ય શેઠશ્રી બહેચરદાસ લશ્કરી લાયબ્રેરીમાં હતું. લાયબ્રેરી-વાંચનાલયના વ્યવસ્થાપક તરીકે શ્રી માણેકલાલ ડી. પટેલ કાર્ય સંભાળતા. સાથે-સાથે બે-ત્રણ વર્ષ દરમ્યાન 'ધરતી' માસિક પત્રિકામાં પણ સેવા આપતા હતા.

'ધરતી'માં કેળવણી, અર્થશાસ્ત્ર, ખેતીવાડી, રાષ્ટ્રીય અને સામાજિક ઉત્થાન વિશે લખવું ને તે દ્વારા પાટીદાર સમાજની સેવા થાય તેવા લેખો પ્રગટ કરવા.

૧૯૪૯માં કડવા પાટીદાર પ્રગતિ મંડળનું શ્રી કડવા પાટીદાર પરિષદમાં વિલિનીકરણ થઈ ગયું. 'ધરતી'નું આયુષ્ય માંડ બે-ત્રણ વર્ષ થવા આવ્યું હશે ને આર્થિક રીતે ચલાવવું મુશ્કેલ બનવા લાગ્યું. એટલે 'ધરતી'ની વ્યવસ્થા શ્રી કડવા પાટીદાર પરિષદને સોંપી દેવામાં આવી.

શ્રી કડવા પાટીદાર પરિષદે 'ધરતી'ની તમામ જવાબદારી 'ઉત્તર ગુજરાત પાટીદાર મંડળ'ને સોંપી. તેના પ્રમુખશ્રી ગોપાળભાઈ ગાંધી, મંત્રીશ્રી પ્રભુદાસ પટેલ અને શ્રી ધરમચંદ ચોકસી હતા. પ્રચારક તરીકે શ્રી શંકરભાઈ રામદાસ પટેલ નિમાયા.

'ધરતી' માસિકમાં લેખો લખવા-મેળવવા અને પ્રસિદ્ધ કરી પહોંચાડવાની તમામ જવાબદારી ધરતી માસિકની સ્થાપનામાં મહત્ત્વનો ભાગ ભજવનાર અને પાટીદાર જ્ઞાતિના સમગ્ર કાર્યમાં રસ ધરાવનાર તરીકે ઉપસી રહેલ શ્રી પ્રભાતકુમાર દેસાઈને સોંપવામાં આવી.

'ધરતી'નું સઘળું કાર્ય ઉમા પ્રિન્ટરી, દરિયાપુર ખાતે રાખવામાં આવ્યું. શ્રી પ્રભાતકુમાર દેસાઈનો પ્રેસ (ઉમા પ્રિન્ટરી), ધરમચંદ ચોકસીની દુકાન અને શ્રી ગોપાળભાઈ ગાંધીની દુકાન પાસે પાસે હતી. આવી સરસ વ્યવસ્થા ગોઠવાઈ જવાને કારણે જ 'ધરતી'નું બાળમરણ અટક્યું અને 'ધરતી'ની સામાજિક સુધારાની લડાઈને સારો વેગ મળ્યો.

આશરે ૭૦ના દાયકામાં શ્રી પીતાંબર પટેલનું 'કિરણ' માસિક જે મુંબઈથી પ્રગટ થતું હતું તેને 'ધરતી'માં સમાવી દેવામાં આવ્યું. શ્રી પીતાંબર પટેલ, ડૉ. લીલાબેન પટેલ તથા નવા નવા કાર્યકરો તેમાં જોડાવા લાગ્યા.

આમ, ઊંડી કોઠાસૂઝવાળા અને સામાજિક પરીવર્તન માટે ઘસાઈ છૂટનાર શ્રી પ્રભાતકુમાર દેસાઈના તંત્રીપદે 'ધરતી' આગળ વધતું હતું. તેમની સાથે સલાહકાર તરીકે શ્રી પીતાંબર પટેલ અને ડૉ. લીલાબેન પટેલ સને ૧૯૭૬ સુધી હતાં. આ સમય દરમ્યાન ડૉ. મફતલાલ પટેલ એક લેખક તરીકે 'ધરતી'માં પ્રવેશી ચૂક્યા હતા. એમ કરતાં કરતાં 'ધરતી' પચીસ વર્ષનું ભરયુવાન અવસ્થામાં આવી ગયું અને 'ધરતી'ના વાર્ષિક ત્રણ રૂપિયાના લવાજમને બદલે આજીવન લવાજમ લેવાનો વિચાર કરી આજીવન સભાસદ રૂા. ૫૧/- નોંધવાની શરૂઆત થઈ. આજીવન લવાજમની યોજનામાં સરસપુરમાં રહેતા કંથરાવીના વતની શ્રી ભગવાનભાઈ મોહનલાલ પટેલે ખૂબ સારી મહેનત કરેલી.

'ધરતી'નું કાર્યાલય ૧૯૪૯થી ૧૯૭૪ સુધી ૨૫ વર્ષ કોઈપણ અવેજ કે મહેનતાણા વગર પ્રભાતકુમારના દરિયાપુર ખાતે ઉમા પ્રિન્ટરી રહ્યું. આ દરમ્યાન દરેક જવાદારીમાં પ્રભાતકુમાર મોખરે રહી સાથી મિત્રોના સહકારથી 'ધરતી'ને પગભર કરવા મથતા રહ્યા.

'ધરતી'ને સંસ્થાના રૂપમાં ફેરવવાની યોજના-વિચાર શરૂ થયો અને 'ધરતી વિકાસ મંડળ' નામ મંજૂર થયું. પ્રભાતકુમાર દેસાઈ તથા સાથી મિત્રોએ કડીના આચાર્ય નાથાલાલ દેસાઈના પ્રમુખપદે 'ધરતી પ્રકાશન મંડળ'ની બંધારણીય સંસ્થા સ્થપાઈ (તા. ૨૬-૭-૧૯૭૦). ૧૯૭૦માં સ્થપાયેલ આ 'ધરતી વિકાસ મંડળ' સંસ્થાનું ઈ.સ. ૧-૭-૧૯૭૭માં 'ધરતી વિકાસ મંડળ'ના નામથી વિધિવત્ રૂપાંતર થયું. તે વખતે સલાહકાર તરીકે શ્રી ઈશ્વર હ. પટેલ અને શ્રી ચુનીભાઈ કુ. પટેલની નિમણૂંક થઈ.

● કન્યા કેળવણીનો પાયો નાંખ્યો

સને ૧૯૦૯માં સ્થપાયેલી કડવા પાટીદાર પરિષદનું મૂળ ધ્યેય સામાજિક સુધારણાનું હતું. તા. ૨૮-૨૯-૩૦ ડિસેમ્બર સને ૧૯૦૯ના રોજ પ્રથમ સભા કડવા પાટીદાર પરિષદ વિરમગામ મુકામે મળી. આ પરિષદની અસર પાટીદાર સમાજ પર એટલી બધી સારી થઈ કે સમગ્ર ગુજરાતના પાટીદારોનું સંગઠન થયું ને લગ્ન-મરણ પાછળના કુરિવાજો વિશે લોકો વિચારતા થયા. ત્યાર પછી આ પરિષદના પગલે પગલે સને ૧૯૦૯થી ૧૯૩૮ સુધી વિવિધ સ્થળે ૧૪ પરિષદો ભરાઈ હતી.

સને ૧૯૩૮ પછી કાર્યકરોના અભાવે પરિષદનું કાર્ય બંધ થઈ ગયેલું અને સને ૧૯૪૮માં સૂરજમલજી બોર્ડિંગમાં શ્રી પ્રભાતકુમાર દેસાઈએ કાર્યકરોની મિટિંગ બોલાવી ને નિર્ણય લેવાયો કે કડવા પાટીદાર પરિષદનું કાર્ય છેલ્લા દસ વર્ષથી બંધ છે તે હવે શરૂ કરવું જોઈએ. આ સમયે પ્રભાતકુમાર દેસાઈ વિવિધ મંડળોમાં પ્રતિનિધિત્વ ધરાવતા હતા. ૧૦ વર્ષ પછી પરિષદને સજીવન કરવાનું કામ પ્રભાતકુમાર દ્વારા 'ધરતી' માસિકે કર્યું.

સામાજિક કાર્યોમાં સક્રિય ડૉ. ગણપતરામ પટેલની આગેવાની હેઠળ કડવા પાટીદાર પરિષદને સજીવન કરી. ૧૯૪૯, મે ૧૪-૧૫ તારીખે ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાનમાં ૧૫મી કડવા પાટીદાર પરિષદ મળી. આ પરિષદના મંત્રી તરીકેની તમામ જવાબદારી પ્રભાતકુમાર દેસાઈએ ઉપાડી લીધી હતી. આ અધિવેશનમાં 'કન્યા કેળવણી'નો ઐતિહાસિક ઠરાવ થયો હતો. આ ઠરાવ પ્રભાતકુમારે રજૂ કર્યો હતો, કન્યા કેળવણીમાં પ્રભાતકુમારને ખૂબ જ રસ હતો. ૧૯૫૩માં સમાજ કલ્યાણી દેવી મા ઉમિયાજીના પટાંગણમાં કન્યા છાત્રાલયરૂપે કન્યા કેળવણીની અવિરત જ્યોત પ્રગટી. 'તમારી દીકરીઓ આપો, અમારે ઊંઝા ભણવા લઈ જવી છે.' આવી ટહેલ મૂકનારાઓમાં શ્રી ચંદ્રવદન લશ્કરી, શ્રી પીતાંબર પટેલ, શ્રી શંકરભાઈ રામદાસ સાથે શ્રી પ્રભાતકુમાર દેસાઈ પણ હતા. દીકરીઓ માટે ગામડાંઓ ખૂંદી વળ્યા. પદયાત્રા શરૂ કરીને કન્યાઓ એકત્ર કરીને ઊંઝા છાત્રાલયમાં ભણવા મોકલી દીધી. સમાજનું એક પૈડાનું ગાડું હવે બે પૈડાનું થવા લાગ્યું.

ઊંઝા કન્યા છાત્રાલયની અદ્ભુત અસર સમાજમાં થઈ. 'ધરતી'ના તંત્રી તરીકે પ્રભાતકુમારે 'કન્યાઓને કેળવણી આપો'નો નવો સંદેશ સમાજને આપ્યો, તે સમાજે ઝીલી લીધો. પોતાના દીકરાઓની સાથે દીકરીઓને પણ ભણાવવા લાગ્યા.

પ્રભાતકુમારે અમદાવાદમાં કન્યા છાત્રાલયનું સંચાલન કરતી સંસ્થા સ્ત્રી કેળવણી ઉત્તેજક મંડળ **(SKUM)** અમદાવાદની કારોબારી સમિતિના સભ્ય તરીકે સને ૧૯૬૪-૬૫થી અને સંસ્થાના ટ્રસ્ટી તરીકે ૧૯૭૮થી સેવા આપી.

સને ૧૯૪૯માં ઊંઝામાં ૧૫મી પરિષદ; ૧૯૫૦માં જોટાણામાં ૧૬મી પરિષદ, ૧૯૫૧માં કડીમાં ૧૭મી પરિષદ અને ૧૯૫૫માં લાંભામાં ૧૮મી પરિષદ ભરાઈ. આ છેલ્લી ચાર પરિષદો 'ધરતી' માસિકની પ્રવૃત્તિને લીધે

ભરી શકાઈ. તેમાં પ્રભાતકુમારે મુખ્ય ભૂમિકા ભજવી હતી. ૧૯૫૫ પછી કડવા પાટીદાર પરિષદ મળી નથી. તેનું કોઈ અસ્તિત્વ પણ રહ્યું નથી.

● વિદ્વાન તંત્રી

પ્રભાતકુમારે નવેમ્બર ૧૯૬૮થી ઓક્ટોબર ૧૯૮૧ સુધી ધરતીના વિદ્વાન તંત્રી તરીકે 'ધરતી' દ્વારા સામાજિક ચેતના અને જાગૃતિનો નાદ ગુંજતો કર્યો. વક્તા તરીકે પણ તેઓ ઉત્તમ વ્યક્તિ હતા. ભાષામાં ક્યાંય ભપક નહીં, દંભ નહીં, 'બોલે તેવું કરવું' એ એમનો જીવનમંત્ર હતો.

શ્રી પ્રભાતકુમાર દેસાઈ 'ધરતી'ના તંત્રી હતા, એટલું જ નહિ પણ તેઓ 'ધરતી'ના પ્રાણવાયુ સમાન હતા. 'ધરતી' સામયિક તેઓના બળે ચાલતું હતું. તેઓ બધાને ધરતીમય કરવા સતત પ્રયત્નશીલ હતા. પોતાનું ગુમાવીને પણ બીજાને સાથે રાખીને સમાજ માટે કંઈક કરી છુટવાનું સતત વિચારતા.

પ્રભાતકુમારની સેવાની ગરિમા એટલી ઊંચી છે કે તેઓ સારું લખી શકે એમ હોવા છતાં તેઓએ લખ્યું ખૂબ જ પણ પોતાને નામે નહિ, બીજી વ્યક્તિની પ્રતિભા વધે, પ્રતિષ્ઠા મોભો વધે તે સારુ. કેટલા બધા લેખો બીજા માટે લખ્યા છે, તેની કલ્પના કરવી મુશ્કેલ છે. લગભગ એક ડઝન જેટલા સામયિક પુસ્તકોનું જે સંપાદન થયું છે, તેમાં તેઓનો અદ્વિતીય ફાળો રહ્યો છે.

સન ૧૯૭૬માં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા દ્વારા ૧૮મી શતાબ્દિ મહોત્સવ ઉજવવામાં આવ્યો. તેમાં 'ધરતી' માસિકમાં ખૂબ જ લેખો લખી તેનો પ્રચાર કરેલો. તદ્ઉપરાંત નવેમ્બર, ૧૯૭૬નો 'ધરતી'નો અંક શ્રી ઉમિયા માતાજી ૧૮મી શતાબ્દિ મહોત્સવ વિશેષાંક ખૂબ જ માહિતીસભર પ્રસિદ્ધ કરેલ હતો.

મા ઉમિયાના ૧૮મી શતાબ્દી મહોત્સવ પછી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના કાર્યકરો એવા શેઠશ્રી કેશુભાઈ અને શ્રી મણિભાઈ (મમ્મી)નો 'ધરતી' સાથેનો નાતો વધવા લાગ્યો. તેથી 'ધરતી'ને નવું જોમ આવવા લાગ્યું.

'ધરતી'ના કામ માટે કાર્યકરોને દરિયાપુર કાર્યાલય જવું મુશ્કેલ બનતું હોવાથી નદીપાર કાર્યાલય ખસેડવું તેવું નક્કી થયું. તે સમયે શ્રી ચુનીભાઈ કુ. પટેલના નિવાસસ્થાન બંધુસમાજ સોસાયટીમાં કાર્યાલય ખસેડવું એવું નક્કી થયું અને માસિક રૂા. ૧૫૦/- ભાડામાં એક રૂમમાં 'ધરતી' કાર્યાલય શરૂ થયું. ધરતી વિકાસ મંડળ બનતા તેમાં શ્રી ચતુરભાઈ હ. પટેલ, શ્રી ચતુરભાઈ જી. પટેલ વગેરે નવા નવા કાર્યકર્તાઓ જોડાવા લાગ્યા અને 'ધરતી'નું વર્તુળ વધવા લાગ્યું.

સંસ્થાના કાર્યકરોએ ચાલીસ-ચાલીસ વર્ષ સુધી અકિંચન અવસ્થામાં સામાજિક જાગૃતિ માટે ભેખ ધરી કાર્ય કર્યું હતું. તેણે સમાજમાં એક 'સારી સંસ્થા છે' તેવી લોકોમાં સુમધુર સુવાસ ફેલાવી દીધી હતી. સંસ્થાને લોકો પૈસા સામે પગલે આપવા લાગ્યા હતા.

● **ગૃહિણી તાલીમ શિબિર**

વધુ ભણેલો પતિ અને બિલકુલ નહિ ભણેલી કે ઓછું ભણેલી પત્ની વચ્ચે સમાયોજન કરવાના ઉદ્દેશથી 'ધરતી'ના તંત્રી પ્રભાતકુમાર દેસાઈએ ગૃહિણી તાલીમ શિબિરનો નવો જ વિચાર સમાજ સમક્ષ મૂક્યો. શાળા-કૉલેજમાં જે શિક્ષણ અપાય છે, એમાં જીવનોપયોગી, પરિવાર અને સમાજ ઉપયોગી શિક્ષણનો અભાવ જોવા મળે છે. સ્ત્રી શિક્ષિત હોવા છતાં ઘરસંસારમાં ઘણીવાર નિષ્ફળ જાય છે. આનું મહત્ત્વનું કારણ એ છે કે તેને ગૃહજીવનનું જ્ઞાન આપવામાં આવ્યું નથી. પ્રભાતકુમારે વિચાર્યું કે ગૃહજીવનનું જ્ઞાન આપવા માટે સ્પેશિયલ કોર્સ ધરતી વિકાસ મંડળના નેજા હેઠળ શરૂ કરવો જોઈએ. પ્રભાતકુમારની વાત બધાએ સ્વીકારી. પ્રભાતકુમારે અમદાવાદની જ્યોતિસંઘ ઉપરાંત જુદી જુદી સંસ્થાઓની મુલાકાત લઈ તથા તે બાબતે ચર્ચા વિચારણાઓ કરીને ગૃહિણી તાલીમનો અભ્યાસક્રમ નક્કી કર્યો, ને એમાં મહત્ત્વના મુદ્દાઓ આવરી લીધા. તેઓ કહેતા હતા કે, ''સંસ્કારી અને તાલીમ પામેલી ગૃહિણી ઘરને સ્વર્ગ બનાવી શકે છે.''

સૌ પ્રથમ ગૃહિણી તાલીમ શિબિર જી. મ. કન્યા વિદ્યાલય, ઊંઝામાં ૧૯૭૧માં થઈ. ત્યારબાદ સી. એન. વિદ્યાલય, અમદાવાદમાં ૧૯૭૬માં, માણસા ૧૯૭૭માં, નવરંગ હાઈસ્કૂલ, અમદાવાદ ૧૯૭૮માં, ભગિની સમાજ કન્યા વિદ્યાલય, સાણંદ ૧૯૭૮માં, જીવનભારતી, વડોદરા ૧૯૮૦માં, ત્યારબાદ બલોલ, માંડલ વગેરે સ્થળોએ શિબિરો થઈ. ધરતી વિકાસ મંડળ, અમદાવાદમાં દર વર્ષે ગૃહિણી તાલીમ શિબિરો યોજાવા લાગી. તમામ તાલીમ શિબિરોનું આયોજન પ્રભાતકુમાર દ્વારા થતું. દરેક શિબિરમાં પ્રભાતકુમાર તો હાજર હોય જ. સાથે સાથે 'ધરતી'ના કાર્યકરો પણ શિબિરમાં જતા ને માર્ગદર્શન આપતા. શરૂઆતની શિબિરો એક એક માસની હતી, પણ પાછળથી શિબિરો બે અઠવાડિયાની થઈ ગઈ.

સમય જતા ગૃહિણી તાલીમ શિબિરનું કાર્ય મહેસાણાના ધરતી પરિવારના જાગૃત અને સેવાભાવી કાર્યકર શ્રી પ્રહલાદભાઈ પટેલે ગામેગામ ફરીને કન્યાઓ ભેગી કરી ૩૦થી વધારે ગૃહિણી તાલીમ શિબિરો મહેસાણા જિલ્લામાં યોજી હતી.

તદ્‌ઉપરાંત સુરત ઉમિયાધામ તરફથી દર વર્ષે ગૃહિણી તાલીમ શિબિરોનું આયોજન થવા લાગ્યું. આ બધાના મૂળમાં ધરતી વિકાસ મંડળનો મોટો ફાળો છે, ને 'ધરતી'ના તંત્રી તરીકે પ્રભાતકુમારે ગૃહિણી તાલીમનો બહોળો પ્રચાર કર્યો. ગૃહિણી તાલીમના પાયામાં પ્રભાતકુમારની સેવાઓ ભૂલી શકાય તેમ નથી.

પ્રથમ ગૃહિણી તાલીમ શિબિર-ઊંઝામાં થઈ ત્યારે શિબિરનું આયોજન પીતાંબર પટેલ, આચાર્યશ્રી પોપટલાલ ગુલાબદાસ પટેલ, આચાર્યશ્રી તુલસીભાઈ પટેલ તથા શ્રી ત્રિભોવનદાસ ગુરુને સાથે રાખી પ્રભાતકુમારે કર્યું હતું. જેમાં શંકરભાઈ રામદાસ પટેલ, હર્ષદભાઈ પટેલ, ડૉ. લીલાબહેન પટેલ, પ્રિ. ચતુરભાઈ પટેલ, ડૉ. મફતલાલ પટેલ, હંસાબેન પટેલ દરેક મિટિંગમાં પ્રવચન માટે જતા ને માર્ગદર્શન આપતા હતા.

ધરતી વિકાસ મંડળમાં ચાલતી ગૃહિણી તાલીમ શિબિરોનું સંચાલન હંસાબેન પટેલ અને દેવીબેન કરતા હતા. આ રીતે ગૃહિણી તાલીમ શિબિરો દ્વારા આદર્શ ગૃહિણીઓ સમાજમાં સ્થાપિત કરવાનું કાર્ય કરવામાં 'ધરતી'ના તંત્રી શ્રી પ્રભાતકુમાર દેસાઈએ અગત્યનો ભાગ ભજવ્યો છે.

● સમૂહલગ્નનું જોરશોરથી ઢોલ પીટનાર

'ધરતી'ના તંત્રી તરીકે પ્રભાતકુમાર દેસાઈએ પાટીદાર સમાજને બેઠો કરવાના રામબાણ ઈલાજ તરીકે સમૂહલગ્ન અપનાવવા 'ધરતી' દ્વારા એટલો બધો પ્રચાર શરૂ કર્યો ને ઢોલ પીટ્યા કે સામાન્ય જનતા સુધી તેનો અવાજ પહોંચી ગયો. 'ધરતી'ના તત્કાલિન સહતંત્રી ડૉ. મફતલાલ પટેલે 'સમૂહ લગ્નના લાભાલાભ' નામની પુસ્તિકા પ્રગટ કરી તેમજ સમૂહલગ્નનું આયોજન કેવી રીતે કરવું ? તેની પણ પુસ્તિકા 'ધરતી' તરફથી પ્રગટ કરવામાં આવી. આ રીતે સમૂહલગ્નનો પ્રચાર થયો. ઉમિયા માતાજી સંસ્થાનમાં પ્રથમ સમૂહલગ્નોત્સવ તા. ૨૯-૪-૧૯૭૯ના રોજ યોજાયો. આમાં ૨૪ વરઘોડિયાઓએ ભાગ લીધો. પ્રભાતકુમારના દીકરા અજીતભાઈના લગ્ન પણ આ સમૂહલગ્નમાં થયા હતા, જે સમાજમાં પ્રેરણારૂપ હતા. આમ, સમાજ સેવાની શરૂઆત પોતાના ઘેરથી કરી હતી.

ઉમિયા માતાજી સંસ્થાનના પ્રાંગણમાં થયેલ સમૂહલગ્નની અસર સમગ્ર સમાજમાં ફેલાઈ ગઈ. એક બાજુ ઉમિયા માતાજીનો પ્રચાર અને બીજી બાજુ પ્રભાતકુમાર દેસાઈએ 'ધરતી' દ્વારા સમૂહલગ્નનું એવું બ્યૂગલ ફૂંક્યું કે સૌનું ધ્યાન આ તરફ કેન્દ્રિત થયું. ફક્ત પાટીદાર સમાજમાં જ નહિ પણ અન્ય સમાજોએ પણ સમૂહલગ્નનો સ્વીકાર કર્યો અને સમાજ સેવામાં જોડાયા.

● સમાજયાત્રાના જન્મદાતા

ગુજરાતમાં પાટીદાર સમાજમાં સમાજયાત્રાના જન્મદાતા પ્રભાતકુમાર દેસાઈ હતા. પાટીદારોના ઘરો સુધી પહોંચવાનું કાર્ય આ સમાજસેવકે વર્ષો

પહેલાંથી શરૂ કરી દીધું હતું. તેઓના ઉપર ચંદ્રવદન લશ્કરી અને ડૉ. ગણપતભાઈ પટેલના કાર્યોની મોટી અસર હતી. પ્રભાતકુમારને સમાજયોગ્ય બનાવવામાં ચંદ્રવદન લશ્કરીનો ફાળો ખૂબ મોટો હતો.

તેઓની સૌથી પહેલી સમાજયાત્રા તા. ૧૪-૧૨-૧૯૪૭ના દિવસે ડૉ. ગણપતરામ પટેલ અને ચંદ્રવદન લશ્કરીની આગેવાની હેઠળ શરૂ થઈ. રેલવેના ત્રીજા વર્ગના ડબ્બામાં બેસીને આ ત્રણેય મહાનુભાવોએ સમાજયાત્રાનો પ્રારંભ કરેલો. આ સમાજયાત્રામાં તેઓની સાથે ડાહ્યાભાઈ કે. પટેલ (વીરમગામવાળા), અમદાવાદના સી. રેવાભાઈની કંપનીવાળા શ્રી રેવાભાઈ પટેલ અને વટાદરા, તા. ભાદરણના શ્રી જેઠાભાઈ વીમાવાળા હતા. આ સમાજયાત્રાનું આયોજન કડવા પાટીદાર પ્રગતિ મંડળે કરેલું. પ્રભાતકુમાર મંડળના ખજાનચી હતા.

શ્રી પ્રભાતકુમાર દેસાઈએ સમાજસેવક શ્રી શંકરભાઈ રામદાસ પટેલની સાથે ૧૯૬૨માં જોટાણા, કડી, બેચરાજી અને કટોસણ રોડની સમાજયાત્રા કરેલી તથા ૧૯૬૯માં મહેસાણા, કલોલ, ચાણસ્માની સમાજયાત્રા કરી હતી.

'ધરતી'નું મૂળભૂત કાર્ય સમગ્ર પાટીદાર સમાજને વૈચારિક રીતે જાગૃત કરવાનું હતું. સમાજમાં ચાલી રહેલી જૂનવાણી પ્રથા-પરંપરાઓને બદલવાનું હતું. પાટીદારો સારી રીતે જીવી શકે તે માટે નવી દિશાઓ, નવા માર્ગો સૂચવવાના હતા. એક જમાનો હતો કે ગામડાઓમાં પાટીદારોનું વ્યાપક શોષણ થઈ રહ્યું હતું. આઝાદી પહેલાં પાટીદારોની પરિસ્થિતિ અત્યંત દયનીય હતી. ગોળ આધારિત સમાજ બન્યો હતો. શિક્ષણનું પ્રમાણ નહિવત્ હતું અને કન્યાઓને કોઈ ભણાવતું ન હતું. બાળલગ્નો થતા, લગ્ન અને મરણ પાછળ ખર્ચાઓ કરી પાટીદારો આર્થિક રીતે ધોવાઈ ગયા હતા.

'ધરતી' માસિકના તંત્રી શ્રી પ્રભાતકુમાર દેસાઈ સમાજની આ પરિસ્થિતિ જાણતા હતા. લેખો લખવાથી કશું વળે એમ નહોતું. વાંચે કોણ ?

સામાજિક સંગઠનો કે પંચોનો એટલો બધો પ્રભાવ હતો કે તેઓની પકડમાંથી બહાર નીકળી શકાય એમ ન હતું. પ્રભાતકુમારને લાગ્યું કે આપણા ભાઈઓ વચ્ચે આપણે જવું જોઈએ ને સત્ય હકીકતો બતાવવી જોઈએ. સમાજમાં સાચી બાબતોની સમજ કેળવાશે તો લાંબાગાળે પણ સમાજ બદલાશે. ને આ માટે સમાજયાત્રાઓ કરવી જોઈએ.

● સમાજયાત્રાનો પ્રારંભ

પ્રભાતકુમારે ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા અને ધરતી વિકાસ મંડળની સૌ પ્રથમ સમાજયાત્રા સૌરાષ્ટ્રમાં કરવાનો નિર્ણય કર્યો. પ્રભાતકુમાર વિચક્ષણ વ્યક્તિત્વ ધરાવનારા હતા. બહારથી શાંત લાગે પણ વ્યવસ્થા તેઓના વહીવટમાં અને રગેરગમાં હતી. તેઓએ સૌરાષ્ટ્રના વિવિધ વિભાગોમાં એક હજાર જેટલા પત્રો લખ્યા, પત્રિકાઓ તૈયારી કરીને સૌરાષ્ટ્રના આગેવાનોની સંમતિ-સહકાર લઈને ૧૧ એપ્રિલથી ૧૬ એપ્રિલ, ૧૯૮૧ની સમાજયાત્રા ગોઠવી દીધી. આ સમાજયાત્રામાં ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાન તરફથી શ્રી મણિભાઈ (મમ્મી), કારભારીશ્રી ચીમનભાઈ પટેલ જોડાયા. ધરતી વિકાસ મંડળ તરફથી શ્રી પ્રભાતકુમાર દેસાઈ, ડૉ. મફતલાલ પટેલ, પ્રિ. ચતુરભાઈ પટેલ, શ્રી ઈશ્વર હ. પટેલ, શ્રી ચુનીભાઈ પટેલ અને હર્ષદભાઈ પટેલ જોડાયા.

સૌરાષ્ટ્રની સમાજયાત્રાથી ઘણી બધી બાબતો જાણવા મળી. સૌરાષ્ટ્રમાં ગોળપ્રથા નથી. કડવા-લેઉવાના છાત્રાલયો ઘણી જગ્યાએ ભેગા જ છે. દરેક જગ્યાએ યાત્રિકોનું ભવ્ય સ્વાગત થયું હતું.

ત્યારબાદ બીજી સમાજયાત્રાનું આયોજન પ્રભાતકુમારે ખૂબ જ ઝડપથી કરી લીધું. બીજી સમાજયાત્રા (તા. ૨-૫-૧૯૮૧થી ૫-૫-૧૯૮૧) કચ્છમાં યોજાઈ. કચ્છમાં કડવા પાટીદારોના ૧૨૮ ગામો છે. આ સમાજયાત્રામાં શ્રી મણિભાઈ (મમ્મી), શ્રી પ્રભાતકુમાર દેસાઈ, ડૉ.

મફતલાલ પટેલ, શ્રી ચુનીભાઈ પટેલ, પ્રિ. ચતુરભાઈ પટેલ, શ્રી હર્ષદભાઈ પટેલ અને શ્રી નટુભાઈ પટેલ જોડાયા હતા. આ સમાજયાત્રા ભુજથી શરૂ થઈ વાંઢાય (ઈશ્વરનગર), હરિપુરા, વિથોણ, નખત્રાણા, વિગોડી, મઢ, દયાપર, માતાનો મઢ, નારાયણ સરોવર, દુર્ગાપુર, માંડવી વગેરે સ્થળોએ યોજાયેલી. દરેક સ્થળે બહેનોએ માથે કળશ મૂકીને વાજતે-ગાજતે સામૈયાં કરેલાં, કુમકુમ તિલક કરી સ્વાગત કરેલું. આ પ્રસંગે મોટી સંખ્યામાં પાટીદાર ભાઈ-બહેનોએ હાજર રહી સમાજયાત્રીઓનો સંદેશો ઝીલ્યો હતો.

પ્રવાસ દરમ્યાન જાણવા મળ્યું હતું કે કચ્છમાં કન્યા કેળવણીનું પ્રમાણ ઓછું છે. ગોળપ્રથા નથી, પ્રેત ભોજન, બાળલગ્ન, બાળ-વિવાહ જેવું નથી. પૂજ્ય પાંડુરંગ દાદાની મોટી અસર છે, જેથી સમગ્ર સમાજ માનસિક રીતે તંદુરસ્ત સુધારાવાદી છે.

ત્રીજી સમાજયાત્રા તા. ૨૯-૧૧-૧૯૮૧થી ૨-૧૨-૧૯૮૧ મુંબઈની યોજાઈ. આ સમાજયાત્રામાં શ્રી મણિભાઈ (મમ્મી), શ્રી પ્રભાતકુમાર દેસાઈ, શ્રી ચુનીભાઈ કુ. પટેલ, પ્રિ. ચતુરભાઈ પટેલ, ડૉ. મફતલાલ પટેલ, શ્રીમતી લલિતાબહેન પ્રભાતકુમાર દેસાઈ અને મુંબઈથી શ્રી હર્ષદભાઈ પટેલ જોડાયા. મુંબઈની સમાજયાત્રાએ સમગ્ર મુંબઈમાં રહેતા કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતના સમગ્ર પાટીદારો ઉપર મોટી અસર ઊભી કરી હતી.

ચોથી સમાજયાત્રા તા. ૧૭-૫-૧૯૮૨થી ૨૧-૫-૧૯૮૨ ખેડા-સાબરકાંઠા જિલ્લામાં યોજવામાં આવી હતી. આ યાત્રામાં શ્રી મણિભાઈ (મમ્મી), શ્રી પ્રભાતકુમાર દેસાઈ, ડૉ. મફતલાલ પટેલ, શ્રી ત્રિકમભાઈ પટેલ, શ્રી હર્ષદભાઈ પટેલ અને શ્રી ચતુરભાઈ પટેલ જોડાયા હતા.

પાંચમી સમાજયાત્રા તા. ૭-૩-૧૯૮૩થી તા. ૧૦-૩-૧૯૮૩ મહેસાણા જિલ્લાના મોટા મોટા ગામોમાં યોજાઈ.

સમાજયાત્રાઓના પ્રચારથી વિવિધ પ્રકારની જાગૃતિ આવવા લાગી અને ધરતી વિકાસ મંડળના કાર્યના એક ભાગ તરીકે સમાજયાત્રાઓ કરવી તે મહત્ત્વનું હતું.

ત્યારબાદ ઉમિયા માતાજી સંસ્થાન અને ધરતી વિકાસ મંડળના સંયુક્ત સહયોગથી તા. ૫-૫-૧૯૮૬થી તા. ૧૦-૫-૧૯૮૬ દરમ્યાન છઠ્ઠી સમાજયાત્રા મહેસાણા જિલ્લાના ગામોમાં યોજાઈ. આ સમાજયાત્રામાં શ્રી ગોવિંદભાઈ ઘંટી, શ્રી પ્રભાતકુમાર દેસાઈ, પાર્વતીબેન ગોવિંદભાઈ પટેલ, લલિતાબેન પ્રભાતકુમાર દેસાઈ, નયનાબેન, કોકિલાબેન, રેખાબેન, પાર્વતીબેન એમ. પટેલ વગેરે જોડાયા હતા.

સાતમી સમાજયાત્રા તા. ૨૦-૪-૧૯૮૯થી તા. ૨૪-૪-૧૯૮૯ મહેસાણા તથા સાબરકાંઠા જિલ્લાના ગામોમાં યોજાઈ. સમાજયાત્રા દ્વારા સુધારાનો સંદેશ ગામેગામ પહોંચાડ્યો. આ સમાજયાત્રામાં પ્રભાતકુમાર દેસાઈ, હર્ષદભાઈ પટેલ, હંસાબેન પટેલ, ઈશ્વરભાઈ ડી. પટેલ અને પ્રો. ગંગારામભાઈ પટેલ જોડાયા હતા.

● સમાજયાત્રાનો પવન ફૂંકાયો

શ્રી પ્રભાતકુમાર દેસાઈની આગેવાની હેઠળ સમાજયાત્રાનો પવન ફૂંકાયો હતો. પાટીદાર સમાજમાં જાગૃતિ ફેલાવવામાં ને જૂના પુરાણા કુરિવાજો છોડાવવામાં આવી યાત્રાઓ ફળદાયી સાબિત થઈ હતી. ધરતી વિકાસ મંડળ અને ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા યાત્રાઓના માર્ગદર્શન હેઠળ બીજા સમાજોમાં પણ લોકજાગૃતિ માટે યાત્રાઓ યોજાઈ હતી.

શ્રી લાલચુડા કડવા પાટીદારના સહયોગથી ધરતી વિકાસ મંડળના કાર્યકરો દ્વારા આઠમી સમાજયાત્રા તા. ૧૨-૧૦-૧૯૯૧થી તા. ૨૦-૧૦-૧૯૯૧ સુધી સુરત જિલ્લાના વિવિધ વિભાગોમાં યોજવામાં આવી હતી. ૬૭ જેટલા ગામોની મુલાકાત લીધી અને ૧૭ જગ્યાએ જાહેર સભાઓનું આયોજન થયું હતું.

આ સમાજયાત્રામાં ધરતી વિકાસ મંડળના કાર્યકરો શ્રી હર્ષદભાઈ પટેલ, શ્રીમતી હંસાબેન પટેલ, ધરતીના તંત્રી ડૉ. મફતલાલ પટેલ, કાર્યાલય મંત્રી શ્રી કાન્તિલાલ ચુ. પટેલ, હીનાબેન પટેલ અને શ્રી ઈશ્વરભાઈ ડી. પટેલ જોડાયા હતા.

આ રીતે જોઈએ તો પ્રભાતકુમારની રગેરગમાં સમાજ વચ્ચે જવાનો, સમાજનો અવાજ સાંભળવાનો, સમાજના પ્રશ્નો-સમસ્યાઓ ઉકેલવા અંગે રસ લેવાનો હતો. તેઓ સમાજની તમામ બાબતોની ચર્ચા કરતા, માર્ગદર્શન આપતા, પોતે નિયમ પાળીને તેમજ તેનો અમલ કરીને જ બીજાને સલાહ આપતા. 'ધરતી' માસિકમાં પ્રભાતકુમાર સમાજની વેદના-વ્યથાની ખુલ્લા મને ચર્ચા કરતા અને સમાજને સાચી દિશા આપતા હતા.

● પ્રભાતકુમાર દેસાઈ સન્માન સમારંભ

પાટીદાર સમાજના સજાગ્ર પ્રહરી અને 'ધરતી'ના નિવૃત તંત્રીશ્રી પ્રભાતકુમાર દેસાઈનો સન્માન કાર્યક્રમ તા. ૧૨-૬-'૮૩ના રોજ સાંજના પાંચ વાગે કામેશ્વર મહાદેવ હૉલમાં જ્યોતિસંઘના પ્રમુખ શ્રીમતી પદ્માબેન જયકૃષ્ણના પ્રમુખસ્થાને થયો હતો.

સન્માનનો પ્રત્યુત્તર આપતા શ્રી પ્રભાતકુમાર દેસાઈએ કહ્યું હતું કે, "મને સમાજસેવાની પ્રેરણા સ્વ. છગનભા, સ્વ. ચંદ્રવદન લશ્કરી, સ્વ. ડૉ. ગણપતરામ પટેલ અને સ્વ. શ્રી લક્ષ્મણભાઈ ઉધરેજા (મોરબી)ના જીવનકાર્યમાંથી મળી છે. મને ગરીબો પ્રત્યેની વેદના છે, જેથી કામ કરી શક્યા વિના રહી શકતો નથી." ત્યારબાદ તેઓએ ધરતી વિકાસ મંડળ તરફથી જે સમાજસેવા મંદિર બનાવવાનું છે તેના ભંડોળમાં સન્માનથેલીનો રૂા. ૫૧,૦૦૦/- નો ચેક પ્રમુખશ્રીને પરત કર્યો હતો ને તેમાં રૂપિયા એક હજાર વધારે ઉમેરીને સંસ્થાને ભેટ આપ્યા હતા. અંતમાં પ્રમુખસ્થાનેથી શ્રીમતી પદ્માબેને શ્રી પ્રભાતકુમાર દેસાઈની સેવાઓને બિરદાવી હતી. ધરતી વિકાસ મંડળના સહમંત્રી શ્રી મૂળજીભાઈ પટેલે આભારવિધિ કરી હતી.

● પ્રમુખસ્થાનેથી શ્રીમતી પદ્માબેનની પ્રેરક વાણી

"શ્રી પ્રભાતકુમાર દેસાઈ જેવા સમાજસેવકોનું બહુમાન વાજબી ને આવકારદાયક છે."

ભાઈશ્રી પ્રભાતકુમારભાઈના જાહેર સન્માન પ્રસંગે અહીં આવવાની મને જે તક મળી તેને મારું સદ્‌ભાગ્ય સમજુ છું. વતનના નાતે શ્રી પ્રભાતકુમારભાઈ તથા હું બંને પાટડીના વતની, અને પાટડીના જ વતનીનો અને ભાઈનો સન્માન સમારંભ હોય ત્યારે બહેનને આવવાનું થાય તેને સદ્‌ભાગ્ય નહીં તો બીજું શું કહેવાય ?

બાર વર્ષની બાળવયે જ સમાજસેવાનો ભેખ ધરી, અભ્યાસની સાથે સાથે જ સમાજસેવાની પ્રવૃત્તિઓ ઉપાડી. આજથી ચાર દાયકા પહેલાં પાટીદાર સમાજના રીત-રીવાજો, રૂઢિઓ, અજ્ઞાનતા, અંધશ્રદ્ધા વગેરે સામે શ્રી પ્રભાતકુમારભાઈએ ભારે તપશ્ચર્યા કરી છે અને કઠણ પરિશ્રમ વેઠ્યો છે. આવા મહાનુભાવનું આજે જાહેર સન્માન કરવામાં આવે છે તે ખૂબ જ વાજબી અને આવકારદાયક છે. જેઓના મનમાં આ વિચાર આવ્યો અને તેને સાકાર કર્યો તે સૌને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આપણે જાણીએ છીએ કે સમાજસેવાનાં અને જાહેરજીવનનાં મૂલ્યો આજે ઘસાતાં જાય છે. સમાજવ્યવસ્થાને મજબૂત બનાવવા અને સ્વસ્થ રાખવા અનેક સમાજ-સુધારકોએ ખૂબ પરિશ્રમ વેઠ્યો છે અને જેહાદ જગાવી છે. તેના પરિણામો પણ સારાં આવ્યાં છે. સમાજમાં નવી જાગૃતિ, ભાવના અને વિકાસનો સંચાર શરૂ થયો છે. કેટલીક બાબતોમાં ધાર્યા પરિણામો પણ આવા સુધારકો મેળવી શક્યા છે, પરંતુ આવા સમાજશ્રેષ્ઠીઓ આજે ભૂલાઈ રહ્યા છે, આ બરાબર નથી. આવા સુધારકો, નિષ્ણાતો અને ભેખધારીઓ તો આવનારી પ્રજા અને પેઢી માટે પ્રેરણારૂપ છે અને તેથી જ ચોક્કસ સમયે આવા સમાજસેવકોનું બહુમાન થાય તે વાજબી અને આવકારદાયક છે. જેથી નવી પેઢીને નવું દિશાસૂચન મળે અને સમાજ વ્યવસ્થાને સ્વસ્થ બનાવવામાં કડીરૂપ બની શકે.

મેં પહેલાં વાત કરી તેમ, સમાજસુધારાનું કાર્ય લોખંડના ચણા ચાવવા જેવું છે. તેમ છતાં એ જ કાર્યને વિશેષ મહત્ત્વનું ગણી, જીવનમંત્ર તરીકે સ્વીકારી, હિંમતપૂર્વક તે કરતા રહેવામાં શ્રી પ્રભાતકુમારભાઈએ સાચો સમાજધર્મ માન્યો છે. આજની અસહ્ય મોંઘવારીમાં ગરીબ અને મધ્યમવર્ગ માટે જીવન જરૂરિયાતોને પહોંચી વળવાનું મુશ્કેલ બન્યું છે. આવી વિષમ પરિસ્થિતિમાં લગ્નના ખર્ચાળ રિવાજો પાછળ સમાજને ઘસાતો જોઈને શ્રી પ્રભાતકુમાર દેસાઈએ બીજા સહકાર્યકારોની સમૂહશક્તિથી સમૂહલગ્નની ભાવનાને મજબૂત વાચા આપી અને સમૂહલગ્ન માટેના વર-કન્યાની ટહેલ નાખવા તેઓ અનેક શહેરો અને ગામડાં ખૂંદી વળ્યા. આપણે જોઈએ છીએ કે આપણા સમાજમાં અને સમગ્ર ગુજરાતમાં આવા સમૂહલગ્નોની જોશીલી હવા જામી અને તે રીતે સમાજના મધ્યમવર્ગને આર્થિક ભીંસમાંથી બચાવી લેવાયો છે. શ્રી પ્રભાતકુમાર દેસાઈએ સમાજ-સુધારણા માટેના ફક્ત વિચારો સમાજને આપ્યા નથી, પરંતુ તેનું આચરણ પણ પોતાના ઘેરથી જ શરૂ કર્યું છે. પોતાના જ પુત્ર અજીતભાઈનું લગ્ન ઊંઝામાં ઉમિયા માતાજીની નિશ્રામાં યોજવામાં આવેલ પ્રથમ સામૂહિક લગ્નોત્સવમાં જોડાઈને કરેલું. એટલું જ નહીં પણ તેમના છેલ્લા દીકરા યોગેન્દ્રભાઈને પણ સમૂહલગ્નમાં પરણાવ્યા. આમ, સુધારાના અમલ માટે પણ તેઓ હંમેશાં તલવારની ધાર પર ચાલતા રહ્યા છે.

આ ઉપરાંત સમાજની પ્રગતિને અવરોધક બનતા વાડા, ભેદભાવ, ઊંચ-નીચના ખ્યાલ વગેરે સામે પણ શ્રી પ્રભાતકુમારભાઈએ વૈચારિક ક્રાન્તિ માટેની ઝૂંબેશ ઉપાડી છે. આપણે જાણીએ છીએ કે સામાજિક ઉત્કર્ષ માટે ભ્રાતૃભાવની કિંમત ઘણી મોટી છે અને પાટીદાર સમાજ ઐક્ય અને એકતાની અનુભૂતિ કરે એવા વિચારો શ્રી પ્રભાતકુમારભાઈએ 'ધરતી' માસિક મારફત વ્યાપક બનાવ્યા છે.

કન્યા કેળવણીના વિચારને પણ શ્રી પ્રભાતકુમારભાઈએ માથે ચઢાવી, કડવા પાટીદાર પરિવારનાં ત્રણ ત્રણ અધિવેશનોનું આયોજન કરી આ વિચારને વિશાળ વાચા આપી. ૧૯૪૯માં કન્યા કેળવણીનો ઐતિહાસિક ઠરાવ કરવામાં આવ્યો. આની ફલશ્રુતિરૂપે ૧૯૫૩માં ઊંઝામાં કન્યા છાત્રાલયની શરૂઆત કરવામાં આવી. શ્રી પ્રભાતકુમારભાઈએ આ ઝુંબેશને વેગ આપવા ગામડે-ગામડે પદયાત્રા કરી અને કન્યા કેળવણીની સંસ્થાઓ ઊભી કરી તેને વિકસાવી અને પગભર બનાવી. આપણા સમાજમાં કન્યાકેળવણીનું મહત્ત્વ ઓછું નથી, સ્ત્રીઓ તો સમાજના ઘડતરનું આગવું રૂપ છે. ચારિત્ર્યઘડતર, નાગરિક જીવનની જરૂરિયાતો, જીવનના વિકાસનાં પાસાં વગેરે બાબતમાં સ્ત્રી મહત્ત્વનો ભાગ ભજવી શકે. સ્ત્રી પોતે શિક્ષિત અને કેળવાયેલી હશે તો તે બાળકમાં અને સરવાળે સમાજમાં સદ્‌ગુણો અને સંસ્કારનું સિંચન કરી શકશે તથા સમાજને તંદુરસ્ત બનાવશે.

બહેનો એકલું શાળા-કૉલેજનું શિક્ષણ મેળવે તે પૂરતું નથી. તેની સાથે સાથે વ્યવહારુ જ્ઞાન અને સમજ મેળવે તે પણ જરૂરી છે. ઘરની સફાઈ, સુશોભન, બેન્કનું કામકાજ, ઑફિસો, કચેરીઓ અંગેનું જ્ઞાન અથવા માહિતી વગેરેની જાણકારી અને આવડત મહત્ત્વના છે. આ દિશામાં પણ શ્રી પ્રભાતકુમારભાઈએ પાછી પાની કરી નથી. સમાજમાં જુદા જુદા શહેરો-ગામડાઓમાં ગૃહિણી તાલીમ શિબિરો ગોઠવી બહેનોને આ બધી બાબતમાં પાયાની માહિતી અને સમજ પૂરાં પાડ્યાં છે. તેઓએ પોતે પણ આ બધી માહિતી, અભ્યાસ તૈયાર કરી પૂરાં પાડ્યાં છે. બહેનો માટે આ માહિતી હોવી જીવન માટે ચાવીરૂપ છે.

આ ઉપરાંત શ્રી પ્રભાતકુમારભાઈએ બહેનો માટેના પાયાના શિક્ષણરૂપ હોમ-સાયન્સનો અભ્યાસક્રમ તૈયાર કરી, ગામડે ગામડે ફરી, શાળા-કૉલેજમાં હોમ-સાયન્સના વર્ગો શરૂ કરવા ઝુંબેશ શરૂ કરી.

પરિણામરૂપે એકલા મહેસાણા જિલ્લામાં જ લગભગ ૩૦ થી ૪૦ શાળાઓમાં આ વર્ગો શરૂ કરવામાં આવ્યા છે, જે સમાજની બહેનો માટે ખૂબ અગત્યનું અને આવકારદાયક છે.

ભાઈશ્રી પ્રભાતકુમારભાઈની બહુવિધિ સમાજસેવાઓ બાબતમાં અહીં ઘણી વાતો થઈ. તેઓએ ખરેખર આજીવન સમાજસેવાઓ કરીને પાટીદાર સમાજને નવું ચેતન આપ્યું છે. સમાજનાં નૈતિક મૂલ્યો વધારી, તેના સતત ઉત્કર્ષ અને વિકાસ માટે પોતાનું જીવન સમર્પિત કર્યું છે. આ તમામ સેવા પ્રવૃત્તિઓ પોતે સમાજનું અને દેશનું ઋણ ચૂકવવાની ભાવનાથી જ કરી છે અને તેનો તેઓને સંતોષ છે. ચાર ચાર દાયકા સુધી સમાજના હિત, ઉત્કર્ષ અને નવી પેઢી તૈયાર કરવા માટે અખૂટ ધૈર્ય અને હિંમત રાખી, સાઠ વર્ષેય યુવાનને શોભે તેવા જુસ્સાથી, પોતાની સર્વ શક્તિ સમાજને સમર્પિત કરનાર, આચાર-વિચારને તાલબદ્ધ રાખનાર, સમાજના સજાગ પહેરેગીર બની રહેનાર સન્નિષ્ઠ, લોકપ્રિય સમાજશ્રેષ્ઠી શ્રી પ્રભાતકુમારભાઈને આ પ્રસંગે ઈશ્વર નિરામય દીર્ઘાયુ બક્ષે તેવી પ્રાર્થના કરું છું.

— શ્રીમતી પદ્માબેન જયકૃષ્ણ

તા. ૧૨-૬-૧૯૮૩ (શ્રી પ્રભાતકુમાર દેસાઈ સન્માન સમારંભના અધ્યક્ષ સ્થાનેથી)

પાટીદાર સમાજના સજાગ પ્રહરી અને 'ધરતી'ના પ્રાણ
શ્રી પ્રભાતકુમાર દેસાઈને સન્માન પત્ર

પાટડી (જિ. સુરેન્દ્રનગર)ના દરબાર કુટુંબમાં જન્મી, છેલ્લા ચોવીસ વર્ષથી પાટીદાર સમાજના ઉત્કર્ષ માટે આપે જે ભેખ ધારણ કર્યો છે તે અવર્ણનીય છે. 'ધરતી'ના લાંબા સમય સુધી તંત્રી તરીકે રહીને સમાજના સજાગ પ્રહરી બની રહેનાર, ઉચ્ચ નૈતિક મૂલ્યોને વરેલા, સન્નિષ્ઠ, લોકપ્રિય, સુધારો 'સ્વ'થી જ શરૂ કરી આપે સમગ્ર ગુજરાતના પાટીદાર સમાજમાં લોકજાગૃતિ અને સુધારણાની જે હવા જન્માવી છે, એવા આપના જીવંત પ્રેરણાદાયી જીવનથી અમે ધન્યતા અનુભવીએ છીએ ને આપનું જાહેર સન્માન કરીએ છીએ.

● લોકસેવાનાં કાર્યો એ જ આપનું જીવન

આપે 'ધરતી'ના તંત્રીની સાથે સાથે લોકસેવાની સંસ્થાઓ અને વિવિધ સામાજિક સંસ્થાઓમાં કાર્ય કર્યું છે. દરબાર શ્રી સૂરજમલસિંહજી કડવા પાટીદાર છાત્રાલય - અમદાવાદના સહમંત્રી તરીકે, વાડીગામ સેવા સંઘ - અમદાવાદના માનદ સહમંત્રી અને સીવણવર્ગ તેમજ વ્યાયામ મંદિરની પ્રવૃત્તિઓના સંચાલક તરીકે, દરિયાપુર વેપારી મહાજન - અમદાવાદના માનદમંત્રી તરીકે, શ્રી પાટડી બંધુ સમાજ- અમદવાદના ઉપપ્રમુખ તરીકે, શ્રી દરિયાપુર સહાયક કો. ઓ. ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટી, શ્રી ઉત્તર ગુજરાત પાટીદાર મંડળ - અમદાવાદ, શ્રી કડવા પાટીદાર એજ્યુકેશન સોસાયટી - અમદાવાદ વગેરે સંસ્થાઓમાં વ્યવસ્થાપક સમિતિના સક્રિય કાર્યકર તરીકે સેવાકાર્ય બજાવ્યું છે. જોટાણા, કડી, લાંભા અને ઊંઝામાં મળેલ કડવા પાટીદાર પરિષદમાં ભારે ઉત્સાહભર્યું કાર્ય કરી બતાવી છેલ્લે પરિષદના મંત્રી પણ બન્યા છો. તદ્‌ઉપરાંત હાલ આપ સ્ત્રી કેળવણી

મંડળ - અમદાવાદના ટ્રસ્ટી અને ધરતી વિકાસ મંડળના ઉપપ્રમુખ તરીકે સેવાઓ આપી રહ્યા છો. આ રીતે વિવિધ સામાજિક સંસ્થાઓમાં રહી નવજાગૃતિનાં કાર્યો કર્યાં છે.

● સુધારાનો અખંડ દીપ જલતો રાખનાર

આઝાદીની લડત હોય, મહાગુજરાતનું આંદોલન હોય કે સામાજિક ક્રાન્તિની ઝુંબેશ હોય તેમાં આપે ઘર કે કુટુંબ કબીલો કશું જોયા વિના ઝંપલાવી દીધું છે. 'ધરતી' માસિકનું પ્રકાશન, કન્યા કેળવણી માટેની પદયાત્રા, સમૂહલગ્ન, ગૃહિણી તાલીમ શિબિર, મહિલા સમ્મેલનનું આયોજન, સુધારા પરિષદ, સમાજયાત્રા વગેરે ધરતી વિકાસ મંડળની પ્રવૃત્તિઓને સમાજકલ્યાણી દેવી ઉમિયાજીનો આદેશ સમજી સમર્પણભાવથી આપ સદાય નિમગ્ન રહીને એક યોદ્ધાને પણ શરમાવે તેવી રીતે અડગ રહીને સફળ કાર્ય કરતા આવ્યા છો. આપે પાટીદાર સમાજમાં વ્યાપેલી અજ્ઞાનતા, કુરિવાજો, અંધશ્રદ્ધા અને વહેમોમાંથી સમાજને બહાર કાઢવા માટે સુધારાનો અંખડ દીપ જલતો રાખ્યો છે. આવા સ્વસમર્પિત લોકસેવક એવા આપ પ્રત્યે અમે સન્માનભર્યો આદરભાવ વ્યક્ત કરીએ છીએ.

● સમાજ માટે સમર્પિત જીવન

આપે એક સાચા સુધારક તરીકે સમાજને ગુણલક્ષી નેતૃત્વ આપ્યું છે. આપે ઉત્સાહ, પ્રામાણિકતા ઉપર ચારિત્ર્યનું ચણતર અને જીવનનું ઘડતર કર્યું છે, સમાજના ચરણોમાં આપે આપનું જીવન સમર્પિત કર્યું છે. સમાજને બેઠો કરવાની જે અગન અને લગન આપના હૈયામાં કામ કરી રહી છે, તે અમે અનુભવી રહ્યા છીએ. સમાજના સાચા મશાલચી બનીને સમાજ પરિવર્તનમાં આપે પોતાનું સર્વસ્વ ત્યાગીને સમાજસેવકનો નવો અભિગમ રજૂ કર્યો છે. આપનું આવું અણીશુદ્ધ વ્યક્તિત્વ એ આપણા સમાજની મૂડી બની રહેશે.

● વિચાર-આચારની તાલબદ્ધતા

સામાજિક કાર્ય એ સૌથી કઠિન કાર્ય છે, જે આપે સિદ્ધ કરી બતાવ્યું છે. આચાર અને વિચારમાં તાલબદ્ધતા અમે આપનામાં જોઈ છે. આપે સમૂહલગ્નમાં આપના દીકરાઓને પરણાવ્યા. મોટી સંખ્યાવાળા જમણવારો છોડાવ્યા, કુરિવાજો-કુરૂઢિઓના બંધનો ફગાવી દીધા. સમાજ માટે જે યોગ્ય છે તે કહેતાં પહેલાં તલવારની ધાર ઉપર ચાલીને પાળી બતાવ્યું છે. આવું આંતર-બાહ્ય અણીશુદ્ધ નિરાળુ વ્યક્તિત્વ સમગ્ર સમાજ તેમજ ભાવિ પેઢી માટે પ્રેરણાદાયી બની રહેશે. આ માટે અમે ધન્યતા અનુભવ્યા સિવાય રહી શકતા નથી.

● ભાવિ પેઢી માટે પ્રેરણાસ્રોત

આપે સમાજને બેઠો કરવા માટે ખંત, ઉત્સાહ, 'એકલો જાને રે', સુધારો 'સ્વ'થી જ થાય - કરી ઉચ્ચત્તમ સામાજિક જાગૃતિની દિશા બતાવી છે તેની નોંધ ભાવિ પેઢી લીધા વિના રહેશે નહિ. પાટીદાર સમાજ માટે પ્રેરણાસ્રોત એવા આપને સન્માનતાં અમે ગૌરવ અનુભવીએ છીએ અને પરમકૃપાળુ પરમાત્માને હૃદયપૂર્વક પ્રાર્થના પણ કરીએ છીએ કે આપનું શેષ જીવન તંદુરસ્તીભર્યું રહે ને આપના અનુભવની પ્રેરણા સમગ્ર સમાજને મળતી રહે તેવી અમારા સૌની અંતરની અભ્યર્થના છે.

સ્થળ :	અમે છીએ
કામેશ્વર મહાદેવ હોલ	ધરતી વિકાસ મંડળના ટ્રસ્ટીઓ
નારણપુરા,	વ્યવસ્થાપક કમિટીના સભ્યો,
અમદાવાદ.	ધરતીના ચાહકો અને પાટીદાર
તા. ૧૨-૬-૮૩ સાંજે ૫-૦૦ વાગે	સમાજના હિતચિંતકો

● એક સાચો સમાજસેવક

''આપણો સમાજ પ્રગતિ નથી કરી શકતો, તેનું કારણ સમાજસેવકો કહેવરાવનારા બોલે છે ઘણું પણ એમાંનું આચરે છે ઘણું ઓછું. આપણા સમાજને તેના વિકાસ માટે સાચા સમાજ સેવકોની જરૂર છે, જે સ્વાર્થ ન જોતાં પરમાર્થ જુએ, જે બોલે તે આચરે, આંતર-બાહ્ય એક હોય. શ્રી પ્રભાતકુમાર દેસાઈ આવા સાચા સમાજસેવક છે. મારા તે વિદ્યાર્થી. વિદ્યાર્થીકાળથી તેમને સન્નિષ્ઠ, પ્રમાણિક, સત્યના પક્ષકાર અને અન્યાયને પડકારનારા કાર્યકર તરીકે હું તેમને ઓળખું છું. પાટીદાર જ્ઞાતિનું અને તેમાં પણ સમાજસુધારાનું માસિક ચલાવવું તે લોઢાના ચણા ચાવવા જેવું કાર્ય છે. આપણા સમાજના ઘણા બધા આવા સામયિકો નીકળ્યા અને બંધ થઈ ગયા. 'ધરતી' માસિક જેણે ચાર-ચાર દાયકાથી સમાજ સુધારણાની મશાલ જલતી રાખી છે, તે માટે ખરેખર શ્રી પ્રભાતકુમાર અનન્ય ધન્યવાદને પાત્ર છે.''

— પોપટલાલ ગુલાબદાસ પટેલ (૧૯૮૩)

● પ્રભાત ફોર્યું સમાજનું

મારા શંભુપ્રસાદ લશ્કરીની પોળ, શાહપુરના નિવાસ વખતે તેમના મિત્ર શ્રી જયંતીભાઈ (ચેતનભાઈ)ને ત્યાં તેઓ આવતા ત્યારે તેમનાં પ્રથમ દર્શન આશરે ચાલીસ વર્ષ પહેલાં થયેલાં. દરબાર બોર્ડિંગના સહાધ્યાયી મિત્રો સાથે સામાજિક પ્રવૃત્તિ કરતા તે વખતે પણ દૂરથી તેમને જોયેલા.

'ધરતી' માસિકનો પ્રથમ અંક બહાર પડ્યા પછી હું 'ધરતી'માં વ્યવસ્થાપક તરીકે જોડાયો, ત્યારે જ પ્રત્યક્ષ પરિચય થયો. મારા જીવનમાં સુધારાનો રંગ 'ધરતી' માસિકે લગાડ્યો અને એ રંગના પ્રવાહમાં આજે વહેતા રહેવાનું મન થાય છે, તેનું માન આ પ્રવૃત્તિને જાય છે. 'ધરતી' માસિક દ્વારા અમારા જેવાઓને સુધારાનો રંગ લાગ્યો હશે તેનું શ્રેય શ્રી પ્રભાતકુમારને છે.

'ધરતી' માસિકમાં આજદિન સુધીમાં ઘણા બધા કાર્યકરો આવ્યા અને ગયા પણ તે અનેકમાં ભાઈશ્રી પ્રભાતકુમાર એકલા અનેક ઝંઝાવતોમાં હિમાલય સમાન અડગ રહ્યા છે. અડગ રહેવું અને તે પણ સામાજિક કાર્યકર તરીકે ખરેખર ઘણું કપરું કાર્ય છે.

આ માટે અહર્નિશ સમાજના કલ્યાણ માટે ચિંતન, મનન, વિચારોની અડગતા અને સ્પષ્ટતા, વિચાર અને આચારની સમ્યકતા, પ્રથમ આચરણ પછી ઉપદેશ. સમાજની ચારેબાજુ દૃષ્ટિ નહિ, 'સ્વ'માં જ એકાગ્રતા, પોતાનું સ્વાસ્થ્ય હોડમાં મૂકીને એકલો અટૂલો નાનો દીપક વિરાટ સમાજ આગળ સુધારાની અણગમતી વાતો લઈને ડગ માંડે ત્યારે સીધાં ચઢાણ ચઢતા લાગતા હતા. આટલા પ્રયત્નો પોતાના ધંધામાં કર્યા હોત તો આજે છે તેનાથી અધિક સુખી હોત, પણ એમને તો કહેવાતી પ્રતિષ્ઠા મેળવવાની ઈચ્છા ન હતી, કે ન હતી પૈસો પામવાની મહેચ્છા. સમાજસેવા દ્વારા અંગત લાભ મેળવવાની મનોવૃત્તિ પણ ન હતી, એમના હૃદયમાં તો ભારોભાર પડેલી હતી સમાજ સુધારાની ભાવના. કુરિવાજો સામે એમણે સુધારાનું બ્યૂગલ ફૂંક્યું. સમાજને બેઠો કરવા માટે કન્યા કેળવણીની મશાલ જલાવી. બારમા બંધ કરવા માટે ગામેગામ પ્રચાર સભાઓ કરી, લગ્નના ખોટા ખર્ચાઓ સામે સમૂહલગ્નનું ઢોલ પીટ્યું. આ બધા માટે માધ્યમ બનાવ્યું 'ધરતી' માસિકને.

મૃતપ્રાય બનેલી શ્રી કડવા પાટીદાર પરિષદને જાગૃત કરી, યુવાનોને જગાડવા પાટીદાર યુવક મિલન મંડળની સ્થાપના કરી. બહેનોના પ્રશ્નો માટે સ્ત્રી કેળવણી મંડળની સ્થાપના કરી.

આવી અનેક પ્રવૃત્તિઓમાં પ્રાણ પૂરીને તેમાંથી સ્વેચ્છાએ ફારેગ થયા પછી પણ કાર્યરત રહેલા ભાઈશ્રી પ્રભાતકુમારનું જાહેર સન્માન ધરતી વિકાસ મંડળ દ્વારા સમાજ કરે છે તે ખરેખર ગૌરવની વાત છે.

તેમણે સમાજને ઢંઢોળ્યો છે. આગેવાનોના બોલને ઝીલ્યા છે. તેમણે સમાજનું કાર્ય કરતાં પોતાના તન, મન, અને ધનને પવિત્ર કર્યું છે. આવા વિરલ સમાજ સેવકનું બહુમાન કરી પાટીદાર સમાજ પણ ગૌરવવંતો બન્યો છે, સમાજે બહુમાન કરી પોતાનું ઋણ અદા કર્યું છે તેવું કહું તો તે જરાયે અસ્થાને નથી.

— માણેકલાલ દી. પટેલ (૧૯૮૩)

● એક જાગૃત સમાજયાત્રી

શ્રી પ્રભાતકુમાર દેસાઈના જીવનમાં અનેક પાસાં છે. હું તેમનું જાગૃત સમાજયાત્રી તરીકેનું ચિત્ર દોરું છું. ૧૯૮૧ની સૌરાષ્ટ્ર અને કચ્છની સમાજયાત્રામાં હું તેમની સાથે જોડાયો ત્યારે દસ દિવસ ખૂબ જ નજીકથી તેમનાં દર્શન થયાં. તેમની સાદગી, સરળતા, શાંત પ્રકૃતિ એકબીજા સાથે પ્રેમથી સહચર્ય, મિતભાષીપણું, ચકોર નિરીક્ષણ, સમાજના ઈતિહાસની બડી સમજ, સમાજજીવનમાં શું સારું શું ખોટું તે વિષે ચિંતન, વિવેકદૃષ્ટિ અને સમાજજીવનમાં સારું તત્ત્વ લાગે તે ગ્રહણ કરવું અને ખરાબ તત્ત્વો, અન્યાય સામે દૃઢ મનોબળથી વિરોધ, આ બધાં તત્ત્વોએ મારું ખાસ ધ્યાન ખેંચ્યું.

સમાજમાં જે સારું લાગે તે પ્રથમ પોતે આચરણમાં મૂકે અને પછી બીજાને પ્રબોધે તે તેમની વિશિષ્ટતા છે. જે ઘણા ઓછા સામાજિક સુધારકોમાં જોવા મળે છે.

શાળા-કૉલેજના દિવસોથી તેમની નસોમાં સમાજ સુધારા વહેતા આવ્યા છે. આ સમાજ સુધારણાનું ઈંજેક્શન કોણે આપ્યું હશે !

પ્રથમ સમાજયાત્રાથી મેં તેમને ગુરુપદે સ્થાપ્યા છે.

તેમની ઉંમરના ઘણા બધા મિત્રો સુખી છે, નિવૃત્ત જેવા છે પણ સમાજથી અળગા થઈ કોશેટામાં પુરાઈ બેઠા છે, સમાજ તેમનાથી ઘણો પાછળ છે. પણ તેમને કદાચ સમાજદર્શન થતું નથી. ડૉક્ટર આવા મિત્રોને સમાજસેવા અને સમાજ-સુધારાનું ઈંજેક્શન આપશે ?

— હર્ષદ પોપટલાલ પટેલ (૧૯૮૩)

● સમગ્ર જીવન સમર્પિત કરનાર લોકસેવક

ગુજરાતના જાણીતા સાહિત્યકાર અને મહાન સમાજસુધારક સ્વ. રમણભાઈ નીલકંઠની સમાજ સુધારાની તેમજ અન્ય પ્રવૃત્તિઓને લક્ષમાં લેતાં મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું : ''રમણભાઈ એટલે છેલ્લાં પચાસ વર્ષનો ગુજરાતનો ઈતિહાસ.'' આપણા પાટીદાર સમાજની છેલ્લી અડધી

સદીની સુધારા પ્રવૃત્તિઓનો વિચાર કરતાં શ્રી પ્રભાતકુમારભાઈ વિશે પણ એમ અવશ્ય કહી શકાય કે, ''શ્રી પ્રભાતકુમારભાઈ એટલે છેલ્લી અડધી સદીના પાટીદાર સમાજની સુધારક પ્રવૃત્તિનો ઇતિહાસ.'' શ્રી પ્રભાતકુમારભાઈનું વિદ્યાર્થીકાળથી આજદિન સુધીનું જીવન જોઈએ અગર એમણે કરેલી સમાજ સુધારાની પ્રવૃત્તિઓનો અભ્યાસ કરીએ તો છેલ્લી અડધી સદીમાં આપણા પાટીદાર સમાજમાં થયેલ સુધારાપ્રવૃત્તિના પ્રયત્નો અને પ્રતિભાવોનો યથાર્થ ઇતિહાસ જાણી શકીએ.

સને ૧૯૪૪માં શ્રી પ્રભાતકુમારભાઈના પ્રથમ માનદમંત્રી પદે શરૂ થયેલ 'પ્રગતિ મંડળ' નામની સંસ્થાથી એમની સુધારા પ્રવૃત્તિનો આરંભ થયો એમ ગણીએ; એ પછી ૧૯૪૭માં શરૂ થયેલ 'ધરતી' માસિકના પ્રથમ સહતંત્રી (તંત્રીશ્રી ચંદ્રવદન લશ્કરી હતા) તરીકે અને ત્યારબાદ તંત્રી તરીકે આપેલ સેવાઓ, તેમજ અનેક સમાજ સુધારા સંમેલનો અને પરિષદો, કન્યા કેળવણીની પદયાત્રાઓ, ગૃહિણી તાલીમ શિબિરો, મહિલા સંમેલનો, અને સમૂહલગ્નો વગેરેના આયોજન અને સંચાલનની ઉપાડેલી સેવાઓને લક્ષમાં લઈએ તો સને ૧૯૪૪થી સને ૧૯૮૩ સુધીના પૂરા ચાર દાયકાની આપણી સામાજિક સુધારા પ્રવૃત્તિના તેઓ સાચા સાક્ષી સજાગ પ્રહરી અને પ્રેરણાસ્રોત સમા રહ્યા છે એમાં શંકા નથી. આજે પણ તેઓ 'ધરતી' માસિક અને 'ધરતી વિકાસ મંડળ' દ્વારા થતી બધી જ પ્રવૃત્તિઓમાં એટલા જ ઉત્સાહથી કાર્યરત છે.

એ સાચું કે સમાજસુધારા જેવી વિશાળ જનસમૂહને સ્પર્શતી પ્રવૃત્તિ એકલે હાથે થઈ શકતી નથી. એમાં બીજા અનેક કાર્યકરોનો સાથ સહકાર રહેલો હોય છે. આમ છતાં પાટીદાર સમાજના ઉત્થાન માટે જીવનભર એકધારી નિષ્ઠાથી કાર્ય કરનાર અને સમાજને જ પોતાનું આખું જીવન સમર્પિત કરનાર લોકસેવક તો શ્રી પ્રભાતકુમારભાઈ એકલા જ છે. આમાં અન્ય કાર્યકરોની સેવાઓનું ઓછું મૂલ્યાંકન કરવાનો આશય નથી, પાટીદાર

સમાજના ઉત્થાન માટે ઘણા કાર્યકરો ફલક ઉપર આવ્યા અને જે તે સમય દરમ્યાન તેમણે ઘણા ઉત્સાહભેર કાર્યો પણ કર્યાં છે, પણ આરંભથી આજ સુધી એ બધાની સાથે પ્રભાતકુમારભાઈ એક સૂત્રે સંકળાયેલા રહ્યા છે. મોટા ભાગના સામાજિક કાર્યકરો પોતાના વ્યાવસાયિક જીવનમાંથી સમય કાઢીને સમાજ પ્રત્યેની ભાવનાથી પ્રેરાઈને પોતાનાથી બને તેટલો ફાળો આપે છે, પરંતુ પ્રભાતકુમારભાઈએ તો પોતાના વ્યવસાય-ધંધાને ગૌણ ગણીને સમાજસુધારાની પ્રવૃત્તિને જ પોતાના જીવનનું મુખ્ય કર્તવ્ય ગણ્યું છે.

પાટીદાર સમાજને પોતાનું જીવન સમર્પિત કરનાર આવા વિરલ લોકસેવકનું સન્માન એ સમાજનું પોતાનું જ સન્માન બની રહે છે.

— પ્રો. સોમાભાઈ પટેલ (૧૯૮૩)

● જૂન-૮૩નો અંક પ્રભાતકુમાર દેસાઈ સન્માન અંક

પ્રભાતકુમારની વ્યાપક શૈક્ષણિક તેમજ સામાજિક સેવાઓને બિરદાવતો જૂન-૮૩નો ધરતીનો અંક 'પ્રભાતકુમાર દેસાઈ સન્માન અંક' તરીકે પ્રકાશિત કરવામાં આવ્યો.

૮૦ના દાયકાની શરૂઆતમાં મુંબઈમાં વસતા શ્રી હર્ષદભાઈ પટેલ અવારનવાર અમદાવાદ આવતા અને 'ધરતી'માં રસ લેવા લાગ્યા હતા. અવારનવાર પ્રભાતકુમાર દેસાઈના ઘરે આવતા અને સંસ્થાની ચર્ચાઓ કરતા. તેમને પણ શ્રી પ્રભાતકુમારે 'ધરતી'મય બનાવી દીધા. શ્રી હર્ષદભાઈ પટેલ મુંબઈ ધંધામાંથી નિવૃત્તિ લઈ અમદાવાદમાં રહેવા લાગ્યા હતા અને પ્રભાતકુમારને ગુરુપદે સ્થાપ્યા હતા. આમ, એક વેપારી અને સમાજની ઊંડી કોઠાસૂઝ ધરાવતા શ્રી હર્ષદભાઈ તથા હંસાબેન 'ધરતી'ની ટીમમાં જોડાઈ ગયા.

'ધરતી વિકાસ મંડળ'નું મકાન બાંધવા માટે શ્રી પ્રભાતકુમાર હર્ષદભાઈને મળ્યા ને વાત કરી કે આચાર્ય પોપટભાઈ મારા ગુરુ છે. તેઓનામાં સેવાની ભાવના, શિક્ષણની ભાવના જન્મથી છે. તેઓના હજારો

વિદ્યાર્થીઓ સમાજમાં છે. તેઓના નામે 'ધરતી વિકાસ મંડળ'નું મકાન બને તો બે બાબતો સચવાઈ રહે. મંડળનું કાર્ય સમાજસેવાનું, સમાજ સુધારણા અને સમાજ જાગૃતિનું છે. તે સિદ્ધાંતને બળ મળે, બીજું કાર્ય એ થાય કે પિતાની અધૂરી સમાજસેવાની પ્રવૃત્તિઓનું કેન્દ્ર 'ધરતી' બની રહે. શ્રી હર્ષદભાઈએ બધી જ વાત પોતાના પિતાશ્રી પોપટલાલને મુંબઈમાં કરીને તેઓ તૈયાર થયા. શરૂઆતમાં એક લાખ પચ્ચીસ હજારની જાહેરાત કરી ત્યારબાદ 'ધરતી'ના મકાનમાં સામાજિક ઉત્કર્ષની તેમજ ગૃહઉદ્યોગની પ્રવૃત્તિઓ કરવાની હોવાથી વિશાળ ભવન બનાવવું જોઈએ, એ વાત સ્વીકારીને આ માટે તેઓએ પાંચ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી. પ્રભાતકુમાર ખૂબ જ ખુશ થયેલા અને મકાન ઉપર 'પોપટલાલ ગુલાબદાસ પટેલ સમાજ સેવા મંદિર' નામ લખાયું.

બાળપણથી જેમનો સમાજસુધારા પ્રત્યે લગાવ રહ્યો છે. કૃષ્ણ-સુદામાને એક પતરાળીમાં જમાડનાર મહર્ષિ સાંદીપની સાથે જેમની શ્રી પ્રભાતકુમાર દેસાઈએ તુલના કરી છે, એવા આચાર્ય શ્રી પોપટલાલ ગુલાબદાસ પટેલનું નામ આ સમાજ સુધારાની સંસ્થાના મકાન સાથે જોડાયું છે એ આપણા સમાજનું ધનભાગ્ય છે. એ વખતના જમાનામાં પાંચ લાખ જેવું માતબર દાન આપ્યું. 'સમાજ સેવા મંદિર'નું ઉદ્‌ઘાટન થતાં પહેલાં તા. ૧૦-૬-૧૯૮૬ના રોજ આ પુણ્યાત્માએ અંતિમ વિદાય લીધી. તેઓ માનતા હતા કે, ''મારા હજારો શિષ્યો જે સમાજમાં કામ કરી રહ્યા છે, તેઓ સમાજ સુધારાની જ્યોતને અખંડ રાખશે.''

શ્રી માણેકલાલ પટેલ કે જેઓએ 'ધરતી'ની શરૂઆતના બે-ત્રણ વર્ષ સેવા આપેલ હતી. તેઓ પ્રખર સુધારક, **RSS**ના પાયાના કાર્યકર હતા. તેઓ સામાજિક સંસ્થા સદ્‌વિચાર પરિવાર અને કરુણા ટ્રસ્ટમાં સેવાઓ આપતા હતા. ૮૦ના દાયકામાં 'ધરતી વિકાસ મંડળ' સફળતાના શિખરો સર કરી રહ્યું હતું તે દરમ્યાન ઊંડી કોઠાસૂઝ ધરાવતા શ્રી માણેકલાલભાઈ

અને શ્રી બાબુભાઈ પટેલ સદ્‌વિચાર પરિવારની સેવાઓ છોડી ધરતી વિકાસ મંડળની સંસ્થામાં જોડાઈ ગયા અને સોનામાં સુગંધ ભળી ગઈ. સાથે-સાથે શ્રીમતી પદ્માબેન, શારદાબેન તથા નવા નવા કાર્યકરો ધરતી વિકાસ મંડળને મળતા ગયા અને કલગીમાં નવા નવા પીછા ઉમેરાતા ગયા.

શ્રી પ્રભાતકુમાર દેસાઈએ નાદુરસ્ત તબિયતના કારણે તા. ૫-૩-૧૯૯૧ના રોજથી 'ધરતી વિકાસ મંડળ'ના વ્યવસ્થાપક મંડળ અને અન્ય હોદ્દા પરથી રાજીનામું આપ્યું.

શ્રી પ્રભાતકુમાર દેસાઈએ સાથી મિત્રો સાથે મળી સંસ્થાના પાયા ખૂબ ઊંડા નાખ્યા છે. આજે સંસ્થા વટવૃક્ષ બનીને સમાજને છાંયો આપી રહી છે. સંસ્થાને જરૂરિયાત મુજબ સમય સમય પ્રમાણે નવા નવા કાર્યકરો મળતા જાય છે અને સંસ્થાને સિંચન કરી મજબૂત બનાવતા જાય છે.

હાલમાં સંસ્થામાં પ્રમુખશ્રી વાડીભાઈ, ઉપપ્રમુખશ્રી દશરથભાઈ, મંત્રીશ્રી મુકુંદભાઈ તથા ખૂબ જ અનુભવી એવા તંત્રીશ્રી સોમાભાઈ પટેલ, સહતંત્રીશ્રી નટવરભાઈ, મહિલા પાંખના પ્રમુખ શ્રીમતી નયનાબેન, ફાલ્ગુનીબેન તથા કાર્યકરોમાં અંબાલાલભાઈ, વસંતભાઈ, દશરથભાઈ (ઉપપ્રમુખ), મધુભાઈ પટેલ, વિષ્ણુભાઈ અને મહેન્દ્રભાઈ પટેલ લગ્ન સહાયક કેન્દ્ર સંભાળે છે. ટ્રસ્ટીઓમાં ખાસ કરીને પ્રભુદાસભાઈ પટેલ અને હંસાબેન પટેલ વગેરે કાર્યકરો વારંવાર ધરતીમાં આવે છે, ને પોતાને સોંપેલું કાર્ય સંભાળે છે.

પ્રભાતકુમારે જે પ્રવૃત્તિઓ આદરી, જે પ્રવૃત્તિઓના વિકાસ માટે તેઓ જીવનભર ઝઝૂમ્યા, તે પ્રવૃત્તિઓ આજે પણ તેમના જીવંત સ્મારકો સમા ધરતી માસિક અને ધરતી વિકાસ મંડળ દ્વારા થઈ રહી છે.

બહેનો પગભર બને અને સન્માનપૂર્વક જીવે એવી પ્રભાતકુમારની ઈચ્છાઓને મહિલા સ્વાવલંબન કેન્દ્ર તેમજ ઉમા મહિલા ઉદ્યોગમંદિર દ્વારા સંસ્થા મૂર્તિમંત કરી રહી છે.

ઘરેઘરે સુધારાઓનો સંદેશ પહોંચાડીને સમગ્ર સમાજને જાગૃત કરવાની પ્રભાતકુમારની અંતરની ઈચ્છાને હાલ ૨૨,૬૦૦ ગ્રાહકોને 'ધરતી' પહોંચાડીને સંસ્થા સાકાર કરી રહી છે.

લગ્નના આડેધડ ખર્ચાઓથી બચવા સમૂહલગ્નો યોજાય અને સાદાં લગ્નો યોજાય તો મધ્યમ વર્ગ માટે તે આશીર્વાદરૂપ બને એવું પ્રભાતકુમાર માનતા હતા. આ સંસ્થામાં ચાર લગ્નોની યોજના દ્વારા એ કાર્ય પણ સઘન રીતે થઈ રહ્યું છે. અનેક ભાઈબહેનો આ લગ્ન યોજનાઓનો લાભ લે છે.


ધરતી લગ્ન સહાયક કેન્દ્ર દ્વારા લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે જીવનસાથી પસંદગીનું સુંદર કાર્ય પણ પ્રભાતકુમારભાઈની મનોકામના પ્રમાણે થઈ રહ્યું છે.

એમનો સ્વર્ગીય આત્મા જ્યાં હશે ત્યાં આ પ્રવૃત્તિઓ જોઈને પ્રસન્નતા અનુભવતો હશે.

આવા આ કલ્યાણપંથ તેમજ તેજપંથના પ્રવાસી અને પાટીદાર રત્ન એવોર્ડથી વિભૂષિત પાટડીના પનોતા પુત્ર જયારે આજે આપણી વચ્ચે નથી (અવસાન તા. ૨૦-૮-૨૦૦૩) ત્યારે એ જે પ્રવૃત્તિઓ માટે મન મૂકીને ઝઝૂમ્યા એ પ્રવૃત્તિઓને આપણે વધુ વ્યાપક અને સઘન બનાવીએ એ જ એમને સાચી શ્રદ્ધાંજલિ ગણાશે. ૐ શાંતિ, શાંતિ, શાંતિઃ ।

❁

સાદર અર્પણ



શ્રી પ્રભાતકુમાર દેસાઈ

'ઉમિયા-દર્શન'નો આ વિશેષાંક ત્રણ દાયકાથી પણ વધુ સમય 'ધરતી'ના તંત્રી પદને શોભાવી પાટીદાર સમાજમાં કલમની ક્રાંતિ દ્વારા નવી જ જાગૃતિ લાવી સમાજને બાળલગ્નો સહિતના કુરિવાજો સામે ઝઝૂમીને ક્રાંતિની મશાલ પ્રજ્વલિત કરી ઝળહળતી રાખનાર મુરબ્બી શ્રી પ્રભાતકુમાર દેસાઈને 'ઉમિયા-દર્શન' પરિવાર આ વિશેષાંક સાદર અર્પણ કરતાં હર્ષ અનુભવે છે. એમણે પ્રજ્વલિત કરેલી ક્રાંતિની મશાલ યુગોપર્યંત પ્રજ્વળો તથા તેમના આયુષ્ય-સ્વાસ્થ્યને સુખભાવનાની અભ્યર્થના સહ...

તા. ૩૦-૯-૧૯૮૮

આપના

ડો. મંગુભાઈ પટેલ

જયંતીલાલ પટેલ



ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા-સંચાલિત
સમાજના સર્વાંગી વિકાસનું મુખપત્ર
ઉમિયા જ્યોત
Posted at AHD P.S.O. on 18th day of every month
Page - 40
RNI No. : GUJ-GUJ 2012/49800
વર્ષ - ૦૫
અંક - ૧૨
સળંગ અંક - ૬૦
ચૈત્ર (સંવત ૨૦૭૩)
૧૫ એપ્રિલ, ૨૦૧૭
પાટીદાર સ્પે. અંક-૧
મા ઉમિયાના
દિવંગત અમૃતપુત્રો
કર્મયોગી
વિરલ વિભૂતીઓ
બહુરત્ના
વસુંધરા
સમાજને અર્પણ,
તર્પણ અને સમર્પણ
તેજોમય
કારકિર્દીના ઘડવૈયા
તંત્રીઃ
ડો. પ્રભુદાસ પટેલ

સમાજ સુધારણાના ધ્યેયને વરેલી સંસ્થા એટલે

ધરતી વિકાસ મંડળ, અમદાવાદ

પ્રવૃત્તિઓની ઝલક

- ધરતીમ્પ્યૂટરાઈઝ્ડ લગ્ન સહાયક કેન્દ્ર
- સાદગીપૂર્ણ લગ્ન યોજના
- મહિલા સ્વાવલંબન કેન્દ્ર
- ધરતી મહિલા જાગૃતિ મંડળ
- ધરતી ટિફિન સેવા યોજના



- ઉમા મહિલા ઉદ્યોગ મંદિર (વ્યાવસાયિક તાલીમ કેન્દ્ર)
- વડીલ-વૃંદાવન
- 'ધરતી' માસિકનું પ્રકાશન
- કૌટુંબિક અને કાનૂની સમસ્યા સલાહ કેન્દ્ર
- નાસ્તા વેચાણ કેન્દ્ર




'ધરતી'ની પ્રવૃત્તિઓના ફેલાવા માટે
ધરતી સાથે જોડાઓ સેવાનો લ્હાવો લો



શ્રી ઉમિયા માતાજી


* ૧૮મી શતાબ્દિ મહોત્સવ વિશેષાંક *



વર્ષ : ૩૦ નવેંબર : ૧૯૭૩ અંક : ૫

: તંત્રી :
પ્રભાતકુમાર દેસાઈ
: સલાહકાર :
પીતાંબર પટેલ
ડૉ. લીલાબેન કે. પટેલ

આદ્યસ્થાપક પ્રગતિ અંક : ૧ ૧૫ ઓગષ્ટ, ૧૯૪૭


શ્રી અખિલ કડવા પાટીદાર પ્રગતિ મંડળ

પ્રગતિ

પૂ. સરદાર સાહેબ,

તંત્રી.


પ્રમુખ
ડો. ગણપતરામ પટેલ


તંત્રી
શેઠ શ્રી ચંદ્રવદન લશ્કરી


સહતંત્રી
શ્રી પ્રભાતકુમાર દેસાઈ

પાટીદાર સમાજનું મુખપત્ર શરૂ કરવા અંગે તા. ૨-૭-૧૯૪૭ ના રોજ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને લખેલ હસ્તપ્રત